॥ સિદ્ધાંત મુક્તાવલી ॥


કાર્ય આરંભે કૃષ્ણને નમન
સદા કૃષ્ણ સેવા
તનુ વિત્તજા સેવા
માનસી સેવા શ્રેષ્ઠ
પરબ્રહ્મ કૃષ્ણ
અક્ષરબ્રહ્મ અલ્પતા
જગતરૂપ અક્ષરબ્રહ્મ
જ્ઞાનીની ઉપાસના માટે અક્ષરબ્રહ્મ
ગંગાજી પ્રવાહ આધિભૌતીક સ્વરૂપ
તીર્થરૂપ આધ્યાત્મીક સ્વરૂપ
આધિદૈવિક મૂર્તિરૂપ
જગત આધિ-ભૌતિક
અક્ષરબ્રહ્મ આધ્યાત્મિક
કૃષ્ણ આધિદૈવિક
સત્વાત્મક જગત
રાજસાત્મક જગત
તામસાત્મક જગત
કામના-પૂર્તિબ્રહ્માદિક વગેરેથી
ભક્ત મનોરથ પૂરક શ્રીકૃષ્ણ
બ્રહ્મવાદમાં બુદ્ધિ કરવી
અવિદ્યા નાશથી બ્રહ્માત્મનો અનુભવ
સંસારીને ભજનથી દુ:ખ
પુષ્ટિભક્ત માટે શુદ્ધ પુષ્ટિ ભક્તિ
જ્ઞાન અભાવમાં શ્રી ભાગવત પરાયણતા
અનુગ્રહ નિયામક
ભક્તિમાર્ગની અધિકતા
ભક્તિ અભાવ દુષ્ટકર્મથી પતિત
સ્વસિદ્ધાંત ગુપ્ત રાખવો

नमामि श्री वल्लभाङ्घ्रिसरोजयुगलं सदा ।
श्रीकृष्णचरणाम्भोजभक्तिभावौघवर्धकम् ॥

લેખક – શ્રીમહાપ્રભુજી
વિવેચન – ડૉ. પીયૂષ પરીખ

ગો.વા. દ્વારકાદાસ પરીખ

૮૪–૨૫૨
ભગવદીયોની
વાર્તા સાહિત્યના
સંશોધક અને વ્રજભૂમિની
સેવા પરાયણ

ગો.વા. વ્રજરત્નદાસ પરીખ

શ્રી દયારામભાઈના ચંદ્રાવળા,
શ્રીનંદરાયજીની પંચમંજરી
વગેરે પુસ્તકોના
વિવેચન કરનાર.
ભગવદીયોની વાર્તાઓને
ગુજરાતી ભાષામાં
પ્રકાશિત કરનાર.

।। ધન્ય હરિભક્ત જીનકી કૃપાતેં
સદા કૃષ્ણગુણ ગદાધર મિશ્ર ગાવેં ।।



પ્રકાશક :
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ભરૂચ.
શ્રી ગોર્ધનનાથજીની હવેલી
૧૬-૧૭, ભૃગુપુર સોસાયટી, ભરૂચ, ગુજરાત.

લેખન તથા સંકલન : ડૉ. પીયૂષ પરીખ

પ્રથમ આવૃત્તિ : તા. ૧-૧૨-૨૦૧૩

પ્રત : ૫૦૦

ન્યોછાવર : રૂા. ૧૦૦
(ભારતમાં પોસ્ટેજ ખર્ચ સાથે અને પરદેશમાં પોસ્ટેજ ખર્ચ અલગ)

પ્રાપ્તિસ્થાન :
રાજેન્દ્રભાઈ મહેતા
બી-૫૯૦, અલકનંદાપાર્ક,
નારાયણવિદ્યાવિહાર પાસે, ભોલાવ,
ભરૂચ. મો.: ૯૩૭૪૬૫૩૯૬૩

મુદ્રક :
શ્રીજી ગ્રાફીક્સ
રાકેશ આર. મસાણી
એ-૧/૩, પટેલ સુપર માર્કેટ,
સ્ટેશન રોડ, ભરૂચ.
મો. : ૯૬૬૨૦૨૧૯૭૩



ગો.વા. નૈષધલાલ ઓચ્છવલાલ મજમુદાર
ગો.વા. મંગળાગૌરી નૈષધલાલ મજમુદાર

ગો.વા. વિનોદચંદ્ર ગમનલાલ સુખડીયા
ગો.વા. વિદ્યાગૌરી વિનોદચંદ્ર સુખડીયા

ગો.વા. જશવિદ્યા નંદલાલ પરીખ
ગો.વા. નંદલાલ પનાલાલ પરીખ

પ્રાક્કથન

શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજીની કૃપાએ આ મારું ૧૪મું પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે.

શ્રીમદ્ ભાગવતમાં શ્રીઠાકોરજી ચૌદ રસવાળા છે એવું શ્રીમહાપ્રભુજી સમજાવે છે.

ભરૂચના તથા દેશ પરદેશના વૈષ્ણવો મારા પુસ્તકો વાંચી સંતોષ વ્યક્ત કરતા હોય છે અને માર્ગના સિદ્ધાંતો સમજવા પ્રયત્ન કરતા રહે છે.

સમગ્ર વલ્લભકુળ મને અવારનવાર અનુગ્રહથી પ્લાવીત કરે છે તેમજ વૈષ્ણવો પણ પ્રેમ અને શુભેચ્છાઓ વર્ષાવે છે અને તેના કારણે જ આ પુસ્તકનું લેખન શક્ય બન્યું છે.

પાટણમાં જન્મ થયો અને સમજના ઘરમાં આવ્યો ત્યારથી પાટણના ચાર ભગવદીયોના ભાવે મારા ભાવ પ્રદેશને સતત ભિંજતો રાખ્યો છે. આ ચાર વૈષ્ણવો પાટણના પુષ્ટિસંપ્રદાયરૂપી વૃન્દાવનના ચાર મઘમઘતા પુષ્પો જેવા છે. આ વૈષ્ણવો ગો.વા. શ્રી દ્વારકાદાસ પરીખ, ગો.વા. શ્રી વ્રજરત્નદાસ પરીખ, ગો.વા. શ્રી રમણિકલાલ પરીખ તથા ગો.વા. શ્રી રમેશભાઈ પરીખ. આ પુસ્તક આ ચાર મહાનુભાવોને સ્મરણાંજલીરૂપે અર્પણ કરું છું. આ પુસ્તીકામાં શ્રી મેઘલભાઈ મજમુદાર અને સૌ. બિન્દુબેન મેઘલભાઈ મજમુદારના દ્રવ્યનો વિનીયોગ થયો છે તે માટે તેમનો આભારી છું. ચિ. રાકેશે આ સમગ્ર પુસ્તિકાનું છાપકામ ત્વરીત ગતિએ કરી આપ્યું છે તેનો આભારી છું અને આ પુસ્તકના લખાણ માટે મને રેફરન્સ બુકો પ્રાપ્ત કરાવી આપવા માટે સૌ. વર્ષાનો પણ આભારી છું.

આ પુસ્તકમાં ચિત્રકલા-સજાવટમાં મદદરૂપ થવા બદલ શ્રી ગોપાલદાસ રૂવાલાનો આભારી છું.

અત્યાર સુધી સમગ્ર વલ્લભકુળના બાળકો તથા સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિએ નામ સેવા માટે સતત પ્રોત્સાહન આપ્યું છે તે બદલ સર્વેનો ઋણી છું.

પીયૂષ પરીખના
સમસ્ત વલ્લભકૂળને દંડવત્ પ્રણામ
સમસ્ત વૈષ્ણવ સમાજને ભગવદ્સ્મરણ

|| શ્રી વલ્લભ ||

ડૉ. પીયૂષ નંદલાલ પરીખ

જન્મભૂમિ : પાટણ (ઉ.ગુ.)
કર્મભૂમિ : ભરૂચ (દ.ગુ.)
માતાશ્રી : અ.સૌ. જસવિદ્યાબેન
પિતાશ્રી : શ્રી નંદલાલ પરીખ
અભ્યાસ : બી.એસ.સી.,
એમ.બી.બી.એસ.
શાસ્ત્રીય સંગીત (વોકલ) વિશારદ
બ્રહ્મસંબંધ : નિ.લિ. પ.પૂ. ગો. ૧૦૮ શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી (કાંકરોલી નરેશ)
સંગીત શિક્ષા : સ્વ. શ્રી નગીનભાઈ જાદવ, શ્રી ચંપકભાઈ ગોઠી
વ્યવસાય :

- દોઢ વર્ષ જિલ્લા ક્ષયરોગ કેન્દ્ર, ભરૂચમાં મેડીકલ ઓફિસર
- છેલ્લા ૩૩ વર્ષથી પ્રાઈવેટ જનરલ મેડીકલ પ્રેક્ટીસ

સંસ્થાઓમાં સેવા :

- મેડીકલ એસોસીએશન ભરૂચ, જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ ભરૂચ અને રોટરી ક્લબ ઓફ ભરૂચના પાસ્ટ પ્રેસીડન્ટ
- આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરીષદ, ગુજરાત શાખાના કારોબારી સભ્ય
- રોટરી ડાયગ્નોસ્ટીક સેન્ટરના ઓન. મેડીકલ એડવાઈઝર
- LRPC કમિટિ જુનિયર ચેમ્બર ભરૂચના ચેરમેન
- નગર શિક્ષણ સમિતિ ભરૂચના એક્સ મેમ્બર
- રેડક્રોસ સોસાયટીના સભ્ય

સાંપ્રદાયિક સેવા :

- ભરૂચમાં નિયમિત સત્સંગ કાર્યક્રમો
- દેશ-પરદેશમાં સત્સંગ અને કીર્તનના કાર્યક્રમો
- અમેરિકા, કેનેડા અને લંડનમાં ધર્મયાત્રાઓ
- શ્રીનાથદ્વારા તથા શ્રી કાંકરોલી મંદિરોમાં શ્રી આચાર્યોની કૃપાથી પ્રભુ સન્મુખ કીર્તન સેવા
- વૈષ્ણવ પરિવારમાં ઘણા સમયથી લેખન સેવા
- ચરણામૃત રસપાનનાં તંત્રી

- ભરૂચ ડીસ્ટ્રીક્ટ મેનેજમેન્ટ એસોસીએશન (BDMA)માં ''કૃષ્ણ એઝ એ રોલ મોડલ ઈન મેનેજમેન્ટ'' વિષય પર અગિયાર મહિના સુધી દર મહિને પ્રવચનની શૃંખલા
- પ.પૂ.ગો. શ્રી ૧૦૮ શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રીના શિબિરમાં શિક્ષક તરીકે સેવા

અન્ય પ્રવૃત્તિ :

- બુક લવર્સ ભરૂચ મીટના સભ્ય, ક.મા. મુન્શીના 'ભગવાન કૌટિલ્ય' પુસ્તક પર પ્રેઝન્ટેશન
- બી.ડી.એમ.એ.માં શ્રી મહાપ્રભુજીના ''વિવેક, ધૈર્ય, આશ્રય'' પુસ્તક પર પ્રેઝન્ટેશન
- ઓમકારનાથ સંગીત મંડળ (ભરૂચ)ના સભ્ય. અહીં પ.પૂ. ૧૦૮ શ્રી ગોકુલોત્સવજી મહારાજશ્રીના સંગીત ગાનના કાર્યક્રમનું આયોજન કરાવ્યું

ઉપલબ્ધિ :

- વૈષ્ણવ પરિવાર દ્વારા ત્રણવાર સારસ્વત એવોર્ડ્સ
- અમેરિકાના 'વ્રજ' મંદિર દ્વારા 'પુષ્ટિ પથ પ્રદર્શક એવોર્ડ'
- અમેરિકા 'વલ્લભધામ' કનેક્ટીકટ દ્વારા એવોર્ડ
- આં.રા.પુ.વૈ. પરિષદ અધિવેશનમાં પ.પૂ.ગો. શ્રી વાગીશકુમારજી મહોદય દ્વારા એવોર્ડ. ભરૂચ, રાજપીપળા તથા હાલોલ શાખા દ્વારા સન્માન
- રોટરીના આઉટસ્ટેન્ડીંગ પાસ્ટ પ્રેસીડેન્ટ ૨૦૧૨-૧૩નો એવોર્ડ (દેડીયાપાડના આદિવાસી વીસ્તારમાં મેડીકલ કેમ્પ દરમ્યાન ડૉક્ટર્સના તથા દવા ડીસ્પેન્સ કરવાના નેટવર્કની વ્યવસ્થા માટે)
- પૂ.પા.ગો. ૧૦૮ શ્રી કલ્યાણરાયજી મહારાજશ્રી (સુરત-પૂના-જેતપુર) દ્વારા આયોજીત નેશનલ કક્ષાની નિબંધ સ્પર્ધામાં દ્વિતીયક્રમના પુરસ્કારની પ્રાપ્તિ
- બાલ્યવસ્થામાં પાટણમાં સંગીત ગાન સ્પર્ધામાં પ્રથમ ક્રમથી મેડલની પ્રાપ્તિ
- શ્રી હરસાનીજી સાહિત્યકાર સન્માન એવોર્ડ પ્રાપ્ત કર્તા

ધન્યક્ષણો :

- નિ.લી.પ.પૂ. ગો. ૧૦૮ શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (સુરત) ષષ્ઠપીઠાધીશ્વરના અધ્યક્ષ સ્થાને સુરતમાં 'શ્રીપુરુષોત્તમજી લેખવાલા' પર મારું પ્રવચન. આ પ્રથમ સત્સંગ.
- પ.પૂ. ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી (તૃતિય ગહાદીશ)ના જન્મદિને આપશ્રીની અધ્યક્ષતામાં 'ગુરુભક્તિ' પર પ્રવચન.
- નિ.લી.પ.પૂ. ગો. શ્રી દાઉજી મહારાજ (તિલકાયશ્રી), નિ.લી. પ.પૂ. ગો.

શ્રી વ્રજજીવનલાલજી મહારાજશ્રી (મુંબઈ), નિ.લી. પ.પૂ. ગો. શ્રી નૃત્યગોપાલજી મહારાજશ્રી, પ.પૂ.ગો. ૧૦૮ શ્રી કલ્યાણરાયજી મહારાજશ્રી (સુરત) તથા પ.પૂ.ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી તથા ગો. શ્રી વાગીશકુમારજી સન્મુખ કીર્તન ગાન.

તિલકાયતશ્રી પ.પૂ. ગો. ૧૦૮ શ્રી રાકેશકુમારજીના સન્મુખ કિર્તનગાનની સેવા.

પષ્ઠપીઠાધિશ ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં યમુનાષ્ટકમ્ અને ભક્તિયોગ ઉપર શિબિર.

પંચમ પીઠાધિશ ગો. ૧૦૮ શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીની અધક્ષતામાં પુસ્તક વિમોચન પ્રસંગે પ્રવચન.

અમેરીકા વ્રજમંદિરમાં અનંતશ્રીવિભૂષીત પ.પૂ. ગો. ૧૦૮ શ્રી મથુરેશ્વરજી મહારાજશ્રી, પ.પૂ. જીજી અને પ.પૂ. ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજ (કાંદીવલી-ચંપારણ)ની અધક્ષતામાં વૈષ્ણવી ચળવળ વિશે પ્રવચન.

પ.પૂ. ગો. શ્રી રાજેશકુમારજી મહારાજશ્રી (કડી-અમદાવાદ)ના સાનિધ્યમાં શ્રીસુબોધીનીજીની કારીકાઓનું અવગાહન.

ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહોદય (કડી-અમદાવાદ)ની ઉપસ્થિતિમાં શ્રીભાગવતનો સત્સંગ.

પ.પૂ. ગો. ૧૦૮ શ્રી કુંજેશબાવાશ્રીની અધક્ષતામાં વૈષ્ણવ પરિષદ વિશે પ્રવચન.

લખાયેલા પુસ્તકો :

(૧) શ્રી ગોપીનાથજી (૨) શ્રી પુરુષોત્તમજી લેખવાલા
(૩) વિવેક ધૈર્યાશ્રય - ૪૦૦૦૦થી વધુ દેશ વિદેશના વૈષ્ણવોના ઘરમાં આ પુસ્તક છે.
(૪) કૃષ્ણાશ્રય (૫) સંપ્રદાય અને અધિકાર
(૬) રસોવૈસઃ (૭) ભક્તિવર્ધિની
(૮) અય મન કરલે સહન (સૂરદાસજી).
(૯) શ્રી ભાગવતાર્થ પ્રકરણ સ્કન્ધ-૧ (હરસાનીજી ટ્રસ્ટ દ્વારા પ્રકાશન)
(૧૦) આર્તિ માટે આરતી - આં.રા.પુ.વૈ. પરિષદ દ્વારા પ્રકાશિત. (પ.ભ. શ્રી વસંતબેનનો અભિપ્રાય - ''આ પ્રકારનું કદાચ આ પ્રથમ પુસ્તક સંપ્રદાયમાં છે.'')
(૧૧) ધન્ય ભાગ્ય જેને વ્રજમંડલ જોયું - દયારામભાઈના પદનું વિવેચન
(૧૨) શ્રીગુસાંઈજી પ્રકટયા ન હોત તો ? - શ્રીગુસાંઈજીની વધાઈ પર વિવેચન
(૧૩) શોભા સલુણા શ્યામની પુસ્તકમાં લીલાના ચિત્રોનું વિવરણ અને લેખન

|| શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ||

‘‘સિદ્ધાંત મુક્તાવલી’’ ગ્રંથ (ભાવાર્થ)ના વિમોચન પ્રસંગે પરમેશે વિનવું કે ચિ. પીયૂષભાઈ પ્રસ્તુત ગ્રંથસ્થ ભાવનું ગુજરાતીમાં રૂપાંતર - ભાષાંતર વૈષ્વો માટે તૈયાર કર્યું છે. આ ગ્રંથના ૨૧માં શ્લોકમાં શ્રી મહાપ્રભુજીએ દર્શાવ્યા મુજબ ગ્રંથનો ભાવ સમજીને વૈષ્ણવ સર્વ સંશયમાંથી વિમુક્ત થઈ જાય.

ચિ. પીયૂષને અભિનંદન એવં આશીર્વાદ કે આ જ પ્રમાણે માર્ગીય અન્ય ગ્રંથોનો અનુવાદ કરીને વૈષ્ણવોને લાભાન્વિત કરતા રહે.

ભરૂચ.

દા.દા. વૈકુંઠ ભગતના
સદૈન્ય ભગવત્સ્મરણ

।। સિદ્ધાંત મુક્તાવલી ।।

નત્વા હરિં પ્રવક્ષ્યામિ, સ્વસિદ્ધાંતવિનિશ્ચયમ્ ।
કૃષ્ણસેવા સદા કાર્યા, માનસી સા પરા મતા ।।૧।।

ચેતસ્તત્પ્રવણં સેવા, તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા ।
તતઃ સંસારદુઃખસ્ય નિવૃત્તિર્બ્રહ્મબોધનમ્ ।।૨।।

પરં બ્રહ્મ તુ કૃષ્ણો હિ, સચ્ચિદાનંદકં બૃહત્ ।
દ્વિરૂપં તદ્ધિ સર્વં, સ્યાદેકં તસ્માદ્ વિલક્ષણમ્ ।।૩।।

અપરં તત્ર પૂર્વસ્મિન્, વાદિનો બહુધા જગુઃ ।
માયિકં સગુણં કાર્યં, સ્વતંત્રં ચેતિ નૈકધા ।।૪।।

તદેવૈતત્ પ્રકારેણ ભવતીતિ શ્રુતેર્મતમ્ ।
દ્વિરૂપં ચાપિ ગંગાવજ્જ્ઞેયં સા જલરૂપિણી ।।૫।।

માહાત્મ્યસંયુતા નૃણાં, સેવતાં ભુક્તિમુક્તિદા ।
મર્યાદામાર્ગવિધિના તથા બ્રહ્માપિ બુધ્યતામ્ ।।૬।।

તત્રૈવ દેવતામૂર્તિર્ભક્ત્યા યા દશ્યતે ક્વચિત્ ।
ગંગાયાં ચ વિશેષેણ, પ્રવાહાભેદબુદ્ધયે ।।૭।।

પ્રત્યક્ષા સા ન સર્વેષાં, પ્રાકામ્યં સ્યાત્તયા જલે ।
વિહિતાચ્ચ ફલાત્તદ્ધિ, પ્રતીત્યાપિ વિશિષ્યતે ।।૮।।

યથા જલં તથા સર્વં યથા શક્તા તથા બૃહત્ ।
યથા દેવી તથા કૃષ્ણસ્તત્રાપ્યેતદિહોચ્યતે ।।૯।।

જગત્ તુ ત્રિવિધં પ્રોક્તં, બ્રહ્મવિષ્ણુશિવાસ્તતઃ ।
દેવતારૂપવત્ પ્રોક્તા, બ્રહ્મણીત્થં હરિર્મતઃ ।।૧૦।।

કામચારસ્તુ લોકેઽસ્મિન્, બ્રહ્માદિભ્યો ન ચાન્યથા |
પરમાનંદરૂપે તુ, કૃષ્ણે સ્વાત્મનિ નિશ્ચયઃ ||૧૧||

અતસ્તુ બ્રહ્મવાદેન, કૃષ્ણે બુદ્ધિર્વિધીયતામ્ |
આત્મનિ બ્રહ્મરૂપે હિ, છિદ્રા વ્યોમ્નીવ ચેતના ||૧૨||

ઉપાધિનાશે વિજ્ઞાને, બ્રહ્માત્મત્વાવબોધને |
ગંગાતીરસ્થિતો યદ્વદ્ દેવતાં તત્ર પશ્યતિ ||૧૩||
તથા કૃષ્ણં પરં બ્રહ્મ, સ્વસ્મિઞ્જ્ઞાની પ્રપશ્યતિ ||૧૩$^{૧}/_{૨}$||

સંસારી યસ્તુ ભજતે, સ દૂરસ્થો યથા તથા ||૧૪||
અપેક્ષિતજલાદીનામભાવાત્ તત્ર દુઃખભાક્ ||૧૪$^{૧}/_{૨}$||

તસ્માત્શ્રીકૃષ્ણમાર્ગસ્થો વિમુક્તઃ સર્વલોકતઃ ||૧૫||
આત્માનંદસમુદ્રસ્થં, કૃષ્ણમેવ વિચિન્તયેત્ ||૧૫$^{૧}/_{૨}$||

લોકાર્થી ચેદ્ ભજેત્કૃષ્ણં, ક્લિષ્ટો ભવતિ સર્વથા ||૧૬||
ક્લિષ્ટોપિ ચેદ્ ભજેત્કૃષ્ણં, લોકો નશ્યતિ સર્વથા ||૧૬$^{૧}/_{૨}$||

જ્ઞાનાભાવે પુષ્ટિમાર્ગી, તિષ્ઠેત્પૂજોત્સવાદિષુ ||૧૭||

મર્યાદાસ્થસ્તુ ગંગાયાં, શ્રીભાગવતતત્પરઃ |
અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે, નિયામક ઈતિ સ્થિતિઃ ||૧૮||

ઉભયોસ્તુ ક્રમેણૈવ પૂર્વોક્તૈવ ફલિષ્યતિ |
જ્ઞાનાધિકો ભક્તિમાર્ગ, એવં તસ્માન્નિરૂપિતઃ ||૧૯||

ભક્ત્યભાવે તુ તીરસ્થો, યથા દુષ્ટૈઃ સર્વકર્મભિઃ |
અન્યથાભાવમાપન્નસ્તસ્માત્સ્થાનાચ્ચ નશ્યતિ ||૨૦||

એવં સ્વાશાસ્ત્રસર્વસ્વં, મયા ગુપ્તાં નિરૂપિતમ્ |
એતદ્ બુદ્ધ્વા વિમુચ્યેત, પુરુષઃ સર્વસંશયાત્ ||૨૧||

|| ઈતિ શ્રીવલ્લભાચાર્યપ્રકટિતા સિદ્ધાંત મુક્તાવલી સમાપ્ત ||

।। ગ્રંથ પ્રાક્ટ્ય પ્રસંગ ।।

શ્રી અચ્યુતદાસ સનોઢિયા બ્રાહ્મણ હતા. માતા-પિતા સાથે ગોવર્ધન આવ્યા. અહીં જ સ્થિર થયા. અન્યોરમાં સદ્દુપાંડે વગેરે શ્રી મહાપ્રભુજીના શરણે આવ્યા. ત્યારે શ્રીમહાપ્રભુજીએ તેમને પણ શરણે લીધા.

તેઓ એકલા વિરક્ત અવસ્થામાં વ્રજમાં રહેતા હતા. તેઓ શ્રીમહાપ્રભુજીના શરણે આવ્યા. શ્રીમહાપ્રભુજીએ વિચાર કર્યો અચ્યુતદાસ વિરક્ત છે. શ્રી ઠાકોરજીની તનુ-વિત્તજા સેવા તો બનશે નહિ. તેથી શ્રીનાથજીની સેવા માટે આજ્ઞા કરી. ત્યારે અચ્યુતદાસજીએ વિનંતી કરી મહારાજ મારા પર એવી કૃપા કરો હું એકાંતમાં માનસીમાં મગ્ન રહું. ત્યારે શ્રીમહાપ્રભુજીએ વિનંતી સ્વીકારી ચરણામૃત આપ્યું. અચ્યુતદાસજીએ પ્રથમ પાન કરી જળવાળા હાથ આંખોએ, મસ્તકે અને હૃદયે લગાવ્યા. આ રીતે આંખોએ લગાડવાથી શ્રીઠાકોરજીની લીલા અને સ્વરૂપ આંખોમાં બિરાજી મસ્તકમાં (બુદ્ધિમાં) દૃઢ થઈ હૃદયમાં આરૂઢ થયાં. અહીં સેવકનો ભાવ ઉદ્વેગ અને શ્રી આચાર્યશ્રીજીનો સ્નેહ, વાત્સલ્ય, કૃપાનો ઉદ્વેગ છે તેથી જ ''સેવા કૃતિર્ગુરોજ્ઞા'' અને ''પ્રાર્થિતેવા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાય સંશયાત'', (વિવેક ધૈર્ય, આશ્ચર્ય)ના સિદ્ધાંતને અતિક્રમીને શ્રીઆચાર્ય ચરણે આ પ્રકૃષ્ટ દાન સેવકને કરી દીધું.

પણ આ માનસી સેવા સુધી પહોંચવાની મર્યાદા અને સાધન શ્રીમહાપ્રભુજી આજ સેવકને અનુલક્ષીને આ ગ્રંથમાં રજૂ કરે છે.

।। સિદ્ધાંતમુક્તાવલિ વિવરણ ।।

શ્રીમહાપ્રભુજી, રચિત, ષોડશ ગ્રંથો છે. તેમાં ‘બાલબોધ’ ગ્રંથ પછી ‘સિદ્ધાંતમુક્તાવલી’ ગ્રંથ છે. ક્રમ પ્રમાણે ત્રીજો ગ્રંથ છે. શ્રીગુસાંઈજી મહારાજે આ ગ્રંથની ‘વિવૃત્તિ’ કરી છે. શ્રી પુરુષોત્તમજી લેખવાળાએ ‘પ્રકાશ’ નામની ટીકા કરી છે. ‘વિવૃત્તિ’ ઉપર શ્રીકલ્યાણરાયજી મહારાજે ‘ટિપ્પણી’ કરી છે. ગોસ્વામી શ્રીગોકુલનાથજી મહારાજ, લાલૂભટ્ટજી વગેરેએ પણ ટીકઓ તથા ટિપ્પણ રચ્યા છે.

નત્વા હરિં પ્રવક્ષ્યામિ, સ્વસિદ્ધાંતવિનિશ્ચયમ્ ।
કૃષ્ણસેવા સદા કાર્યા, માનસી સા પરા મતા ।।૧।।

સાન્વયયાર્થ : **હરિમ્** - હરિ ભગવાનને, **નત્વા** - નમસ્કાર કરીને, **સ્વસિદ્ધાન્ત વિનિશ્ચમ્** - પોતાના સિદ્ધાંતનો વિશેષ નિશ્ચય, **પ્રવક્ષ્યામિ** - કહીશ, **કૃષ્ણ સેવા** - કૃષ્ણની સેવા, **સદા** - નિરંતર, **કાર્યા** - અવશ્ય કરવી, **માનસી** - માનસી સેવા, **સા** - તે, **પરા** - ફળરૂપ, **મતા** - માનેલી છે.



શ્રીનાથજીને નમન કરતાં શ્રી મહાપ્રભુજી

ભાવાર્થ :

શ્રીહરિને નમન કરીને સ્વસિદ્ધાંત નિશ્ચય સ્પષ્ટ કરીને કહું છું. શ્રીકૃષ્ણની સેવા અવશ્ય સર્વદા કરવી. આ સેવામાં માનસી સેવા ઉત્તમ છે.

શ્રીકૃષ્ણ દુ:ખોનો નાશ કરનારા છે. તેમના સ્મરણ માત્રથી દુ:ખો દૂર થઈ જાય છે. આવા શ્રીકૃષ્ણને નમન જ થઈ શકે. ભગવાનને ભજવા માટે નમન સાધન છે. નમન કરવું તે જીવની દીનતા છે. ભક્તિમાર્ગમાં દીનતા એ જ સાધન છે.

બ્રહ્મનું વર્ણન જુદા જુદા વિચારકોએ કર્યું છે. તે બધામાં પરસ્પર વિરુદ્ધ સિદ્ધાંત છે.

વેદે પ્રતિપાદિત કરેલ સિદ્ધાંત છે, ‘‘શ્રીકૃષ્ણની સેવા સદા અવશ્ય કરવી’’. ‘શ્રીકૃષ્ણ’ ફલાત્મક નામ છે. તેમની સેવા કરવી એ જ આપણો પરમ પુરુષાર્થ છે.


શ્રીદ્વારકાધીશ પ્રભુની સેવા કરતાં શ્રીમહાપ્રભુજી

સેવા એ સેવકનો ધર્મ છે. જીવ ઈશ્વરનો સેવક છે. બધા જીવો સહજ દાસ છે. સર્વે એ સેવા કરવી જરૂરી છે. આસુરી જીવો જ ભગવાનની સેવા કરતા નથી. સેવા રૂપી કાર્ય ન કરે એ અપરાધી થાય છે. કૃષ્ણ સેવા ન કરવાથી પાપ લાગે છે. ભક્તિમાર્ગથી વિખૂટા પડી જવાય છે. કૃષ્ણ સેવા સ્વતંત્ર પુરુષાર્થ છે તેમ સ્વીકારવું. આવી સમજથી પોતાના દાસ ભાવથી સેવા સદા અવશ્ય કરવી.

સેવા સ્વામીને સંતોષ કરનારી હોય છે. સેવા બે પ્રકારની છે - (૧) ફલરૂપ સેવા જે આભ્યંતર છે. (૨) સાધન રૂપ સેવા જે બાહ્ય સેવા છે. ફલરૂપ અભ્યંતર સેવા ‘‘માનસી સેવા’’ કહેવાય છે. માનસી સેવા બાહ્ય સેવાનું ફલ છે અને બાહ્ય સેવા માનસી સેવાનું સાધન છે. ‘માનસી સેવા’ને શ્રેષ્ઠ ગણી છે. બાહ્ય સેવા પણ સદા અને અવશ્ય કરવી કારણ કે તે માત્ર સાધન રૂપ નથી પણ તેનાથી માનસી સેવા રૂપી ફલ થાય છે. ઈશ્વર પ્રાપ્તિમાં માનસી સેવા જ મુખ્ય છે. શ્રી વલ્લભે આથી જ માનસી સેવા મુખ્ય માની છે. વ્રજભક્તોને શ્રેષ્ઠ માનસી સેવા સિદ્ધ થઈ છે. શ્રીકૃષ્ણ આ સમજ ઉદ્ધવજીને આપે છે. વ્રજભક્તોને સિદ્ધ થયેલી માનસી સેવા જ્યારે જીવને સિદ્ધ થાય ત્યારે જ ફલરૂપ ગણાય.

શ્રીકૃષ્ણની સાધન રૂપ અને ફલરૂપ સેવા સદા અવશ્ય કરવી. માનસી સેવા શ્રેષ્ઠ છે.


માનસીમાં મગ્ન અચ્યુતદાસજી

ચેતસ્તત્પ્રવણં સેવા, તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા ।
તતઃ સંસારદુઃખસ્ય નિવૃત્તિર્બ્રહ્મબોધનમ્ ।।૨।।

સાન્વયયાર્થ : **તત્પ્રવણમ્** - એમાં એકતાન, **ચેતઃ** - ચિત્ત થવું એ, **સેવા** - માનસી છે. **તત્સિદ્ધ્યૈ** - એની સિદ્ધિ માટે, **તનુવિત્તજા** - તનુજા અને વિત્તજા માની છે, **તતઃ** - એનાથી, **સંસારદુઃખસ્ય** - સંસાર દુઃખની, **નિવૃત્તિઃ** - શાંતિ, **બ્રહ્મબોધનમ્** - બ્રહ્મનું જ્ઞાન થાય છે.

ભાવાર્થ :

શ્રીકૃષ્ણમાં ચિત્તનું પરોવાઈને રહેવું એ માનસી સેવા કહેવાય. માનસી સેવાની સિદ્ધિ માટે તનુજા અને વિત્તજા સેવા સાધનરૂપ છે. તનુજા શરીરથી અને વિત્તજા દ્રવ્ય દ્વારા થાય છે. તનુજા અને વિત્તજા સેવા કરવાથી સંસારના દુઃખની નિવૃત્તિ થાય છે. સંસારનું દુઃખ એટલે અહંતા અને મમતા. તનુજા અને વિત્તજા સેવાથી બ્રહ્મનું જ્ઞાન થાય છે. આમ આ બે સેવાઓથી બે અવાંતર ફળ થાય છે. મુખ્ય ફળ તો માનસી સેવાની સિદ્ધિ થવી તે છે.

'પ્રવણ' શબ્દના અનેક અર્થ છે જેવા કે ક્ષણ, નમેલું, ચૌટું (ચકલો) અને અધીન (તાબેદાર). શ્રીમહાપ્રભુજીના મતે ભગવાનને નમેલું મન પછીથી ભગવાનને તાબે થયેલું મન તે જ સેવારૂપ છે, મન અન્નમય છે. અન્ન પૃથ્વીમાંથી ઉત્પન્ન થાય છે. આથી મન પણ પાર્થિવ (પૃથ્વીથી ઉત્પન્ન થયેલ) છે. આથી મન નમી શકે છે અને અધીન થઈ શકે છે.



મોતી પરોવતાં ચિત્તની જેવી એકાગ્રતા હોય તેવી ચિત્તની એકાગ્રતા સેવામાં જરૂરી છે.

ચિત્તનું પરોવાઈ જવું એટલે ભગવાનમાં મનનું એકતાન થવું. આવા ભક્તને દેહ, ગેહ, આલોક કે પરલોકનું ભાન નથી હોતું. તેમનું ચિત્ત માત્ર ભગવાનને જ ગ્રહણ કરે છે. એક સાધક સમાધિ યોગમાં ભગવાનમાં ચિત્તનો લય કરે છે. અહીં પણ ચિત્તની આવી દશા થાય છે. આ જ માનસી સેવા કહેવાય છે.

માનસી સેવાની સિદ્ધિ માટે તનુજા અને વિત્તજા સાધન રૂપ છે. આ બંને સેવામાં પણ તનુજા સેવા ઉત્તમ છે. તનુજા સેવા માનસી સેવામાં સાક્ષાત્ સાધન બની જાય છે. વિત્તજા સેવા સાક્ષાત્ સાધન થતી નથી.

ભગવાન ને સર્વસ્વનું નિવેદન કર્યું. હવે દેહ અને દ્રવ્યનો વિનિયોગ સેવામાં થાય. આનાથી પ્રભુમાં પ્રેમ થાય - પ્રેમ થયા પછી માનસી સેવા સિદ્ધ થાય છે. પોતાના જ શરીરથી અને પોતાના જ દ્રવ્યથી સેવા થાય તો જ પ્રભુ પ્રેમ ઉદય થાય. અન્યનું શરીર અને આપણું ધન અથવા આપણું શરીર અને અન્યનું ધન લઈ સેવા કરીએ તો તે ફલિત થતી નથી.

તનુજા અને વિત્તજા સેવા કરતાં જીવની અહંતા અને મમતા દૂર થાય છે. હું અને મારું તથા હું પણુ અને મારા પણું આ જ સંસાર છે. આ અજ્ઞાન કહેવાય. આનાથી દુઃખ મળે છે. જગતને સંસાર તરીકે જાણવાની ભૂલ ન કરવી. જગત તો બ્રહ્માત્મા છે, જગત બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ છે. આ બે સેવાનો વિનિયોગ ભગવદ્ ભક્તિમાં કરતાં કોઈવાર ભક્તની ભૂલ પણ થાય તો પણ તેની દુર્ગતિ થતી નથી. આ સાધનરૂપ સેવાથી બ્રહ્મજ્ઞાન પણ થાય છે.


સામગ્રી સિદ્ધ કરવા રૂપી
તનુજા સેવા કરતાં શ્રીમહાપ્રભુજી

બ્રહ્મજ્ઞાન એટલે અક્ષર બ્રહ્મની સમજ પડવી. અક્ષર બ્રહ્મ એ પુરુષોત્તમને બિરાજવાનું સ્થાન છે. ભગવાનના ગુણાનુવાદનું શ્રવણ, ભગવાનના દર્શન અને ભગવાનમાં સ્નેહ આ ત્રણ એકઠા થાય ત્યારે શ્રવણ ભક્તિ સિદ્ધ થાય. બ્રહ્મજ્ઞાન થતાં તે ઉત્તમ બને છે.

પરં બ્રહ્મ તુ કૃષ્ણો હિ, સચ્ચિદાનંદકં બૃહત્ ।
દ્વિરૂપં તદ્ધિ સર્વં, સ્યાદેકં તસ્માદ્ વિલક્ષણમ્ ।।૩।।

સાન્વયયાર્થ : **હિ** - માટે, **પરં** - પર, **બ્રહ્મ** - બ્રહ્મ, **તુ** - તો, **કૃષ્ણઃ** - કૃષ્ણ છે, **સચ્ચિદાનન્દકમ્** - સત્ ચિત્ત અને આનંદ થોડો છે, **બૃહત્** - અક્ષર બ્રહ્મ છે,



શ્રીનાથજી સ્વરૂપે બિરાજતાં પરબ્રહ્મ શ્રીકૃષ્ણ

તત્ - એ, **હિ** - નિશ્ચય, **એકમ્** - એક, **સર્વમ્** - સર્વ જગતરૂપ, **તસ્માત્** - એથી, **વિલક્ષણ** - બીજું, **દ્વિરૂપં** - બે રૂપવાળું.

ભાવાર્થ :

શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ છે. અક્ષર બ્રહ્મમાં સત્, ચિત્ત અને આનંદ થોડાંક છે. અક્ષર બ્રહ્મનો આનંદ ગણી શકાય છે. અક્ષર બ્રહ્મના બે રુપો છે. એક સર્વ જગતરૂપ અને બીજું જગતરૂપથી વિલક્ષણ છે. જ્ઞાનીઓ આની ઉપાસના કરે છે.

અપરં તત્ર પૂર્વસ્મિન્, વાદિનો બહુધા જગુઃ ।
માયિકં સગુણં કાર્યં, સ્વતંત્રં ચેતિ નૈકધા ।।૪।।

સન્વાયયાર્થ : **તત્ર** - એ, **પૂર્વસ્મિન્** - પ્રથમ કહેલા, **વાદિનં** : - વિવાદ કરનારા, **અપરમ્** - બીજી મતને, **બહુધા** - ઘણા પ્રકારે, **જગુઃ** - કહે છે, **માયિકમ્** - માયાથી બનેલું, **સગુણમ્** - ગુણોનું કાર્ય, **કાર્યમ્** - ઈશ્વરનું બનાવેલું, **સ્વતંત્રમ્** - આવું ને આવું જ, **ચ** - અને, **ઈતિ** - એ રીતે, એકધા - એક પ્રકારે, **ન** - નહિ.



પરબ્રહ્મ જ અક્ષરરૂપ તથા સઘળું થયા છે.

ભાવાર્થ :

બીજા મતોમાં જગતને કોઈ માયિક કહે છે. કોઈ ગુણોનું કાર્ય છે એમ કહે છે. કોઈ ઈશ્વરનું કાર્ય છે એમ કહે છે તો કોઈ એમ કહે છે કે જગત સ્વતંત્ર છે અને બીજા એક પ્રકાર નહીં કહેતા અનેક પ્રકારે કહે છે.

અગાઉના શ્લોકમાં જગતને શ્રીમહાપ્રભુજી અક્ષર બ્રહ્મનું સ્વરૂપ કહે છે.

આ વેદ મત છે. ભગવાન જ સઘળું અને આટલા રૂપ થયા છે. કોઈ સમયે પરબ્રહ્મને રમવાની ઈચ્છા થઈ એમણે વિચાર્યું કે એકલાથી રમાય નહીં. માટે એમણે રમવા માટે બીજાની ઈચ્છા કરી અને સઘળું પોતામાંથી ઉત્પન્ન કર્યું. પ્રભુ સ્વયં આ બધા રૂપે થયા - આમ જગત બ્રહ્માત્મક છે. આથી જગત સત્ય છે.

આ વેદ મતથી અલગ બીજા મતો જગતને અક્ષર બ્રહ્મનું રૂપ નથી ગણતાં, જગત માટે તેમના વિચારો જુદા જુદા છે. માયાવાદી જગતને માયાથી બનેલું કહે છે. સાંખ્યમત જગતને ગુણોનું કાર્ય કહે છે. નૈયાયિકો કહે છે કે, ''બે અણુ, ત્રણ અણુ વગેરે ક્રમથી ઈશ્વરનું બનાવેલું છે.'' મીમાંસકો જગતને સ્વતંત્ર કહે છે અર્થાત્ સદા આવું ને આવું જ છે એમ માને છે. બૌદ્ધ, માધ્યમિક, વૈભાષિક, સૌત્રાંતિક, આર્હત, ચાર્વાક અથવા લોકાયતિક, વામ અને શાક્ત વગેરે મતો વેદ મતને નથી માનતા. તે બધા પોતાની મરજી પ્રમાણે કહે છે. આમ જગતરૂપી બ્રહ્મ વિષે જુદા જુદા મતોવાળા અનેક વિવાદો કરી પોતાના મતનું સમર્થન કરે છે. આગળના શ્લોક શ્રીમહાપ્રભુજી સ્વસિદ્ધાંત કહેશે.

તદેવૈતત્ પ્રકારેણ ભવતીતિ શ્રુતેર્મતમ્ ।
દ્વિરૂપં ચાપિ ગંગાવજ્જ્ઞેયં સા જલરૂપિણી ।।૫।।

સાન્વયયાર્થ : **તત્** - એ (અક્ષરબ્રહ્મ), **એવ** - જ, **એતત્પ્રકારેણ** - એ (જગતની) રીતે કરીને, **ભવતિ** - થાય છે, **ઈતિ** - એ રીતનો, **શ્રુતેઃ** -વેદનો, **મતમ્** - મત (છે), **ચ** - અને, **દ્વિરૂપમ્** - (એક જગતરૂપ અને એનાથી બીજું પોતે અક્ષર રૂપ એમ) બે રૂપવાળું (અક્ષરબ્રહ્મ), **અપિ** - પણ, **ગંગાવત્** - ગંગાજીની પેઠે, **જ્ઞેયમ્** - જાણ્યું (જેમ), **સા** - એ (શ્રીગંગાજી એક) **જલરૂપિણી** - જલરૂપી (આધિભૌતિકી અને બીજા),.



પ્રવાહરૂપ આધિભૌતિક તથા તેની અંદર આધ્યાત્મિકરૂપથી શ્રીગંગાજી

ભાવાર્થ :

એ જ અક્ષરબ્રહ્મ આ જગત (પ્રપંચ રૂપ) રૂપ છે. આ શ્રુતિનો મત છે. અક્ષર બ્રહ્મ દ્વિરૂપ છે.

જગત રૂપ અને બીજુ પોતે અક્ષર રૂપ. આ પ્રકાર ગંગાજીના દૃષ્ટાંતથી જાણવો.

ગંગાજી જલરૂપે છે અને તેનાથી ભિન્ન તીર્થરૂપે પણ છે. આમ ગંગાજીના બે રૂપ છે. આ જ પ્રકારે અક્ષર બ્રહ્મનું એકરૂપ જગત છે અને બીજું અક્ષરબ્રહ્મનું રૂપ છે. તેમાં જ્ઞાની લોકોની ગતિ થાય છે.

માહાત્મ્યસંયુતા નૃણાં, સેવતાં ભુક્તિમુક્તિદા ।
મર્યાદામાર્ગવિધિના તથા બ્રહ્માપિ બુધ્યતામ્ ।।૬।।

સાન્વયયાર્થ : **મહાત્મ્યસંયુતા** - (પોતાના) માહાત્મ્યે કરીને, સંયુક્ત એવાં (તીર્થ રૂપી કે જે), **મર્યાદામાર્ગવિધિના** - મર્યાદા માર્ગની રીતે, **સેવતામ્** - (સ્નાન, દાન, પૂજન વગેરે કરીને) સેવા કરનારે, **નૃણામ્** - મનુષ્યોને, **ભક્તિમુક્તિદા** - ભોગ અને મોક્ષરૂપી (ફળ) આપનારાં છે, **તથા** - એમ, **બ્રહ્મ** - અક્ષરબ્રહ્મ, **અપિ** - પણ, **બુધ્યતામ્** - જાણવું.

ભાવાર્થ :

મર્યાદા માર્ગની રીતે માહાત્મયુક્ત (તીર્થરૂપ) ગંગાજીને સેવનાર મનુષ્યોને ભોગ અને મોક્ષરૂપી ફલ મળે છે. આ રીતે અક્ષર બ્રહ્મને જાણવું.

ગંગાજીનું જલરૂપ આધિભૌતિક છે. વરસાદમાં તે વધે . તાપથી તે ઓછું થાય છે. આ જળ વ્યવહારમાં ઉપયોગી થાય છે.

ગંગાજીના કિનારે ગંગાજીની પૂજા કરતો ભક્ત

ગંગાજીનું બીજું સ્વરૂપ આધ્યાત્મિક છે. આથી તીર્થરૂપ છે. માહાત્મ્યવાળું છે. આ સ્વરૂપની મર્યાદામાર્ગ પ્રકારે સ્નાન કે પૂજા વગેરે કરવામાં આવે છે. તેનાથી ભોગ કે મોક્ષરૂપી ફળ મળે છે. ગંગાજીનું આ તીર્થ માહાત્મ્ય તેના વહેતા પ્રવાહનું છે. ગંગાજળને ઘડામાં ભરીએ અને ગંગાજીથી દૂર રહી સ્નાન કરીએ તો આ ફળ ન મળે.

ગંગાજીના તીર્થમાં માહાત્મ્યવાળું આધ્યાત્મિક સ્વરૂપ છે. તેનું સેવન કરવાથી જ ભોગ કે મોક્ષ મળે છે. ત્યાંથી જળ અન્યત્ર લઈ જઈ સેવીએ તો ફળ ન મળે. આજ રીતે માત્ર જગતનુ ધ્યાન વગેરે પ્રકાર કરવાથી મોક્ષ થતો નથી.

આ પ્રમાણે બે શ્લોકોમાં ગંગાજીના આધિભૌતિક તથા આધ્યાત્મિક સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ બતાવ્યાં.

તત્રૈવ દેવતામૂર્તિર્ભક્ત્યા યા દશ્યતે ક્વચિત્ ।
ગંગાયાં ચ વિશેષેણ, પ્રવાહાભેદબુદ્ધયે ।।૭।।

સાન્વયાયર્થ : **તત્ર** - એ (બે રૂપવાળાં શ્રીગંગાજી) માં, **એવ** - જ, **યા** - જે, **દેવતા** - દેવતા રૂપી મૂર્તિવાળાં (આધિદૈવિક ગંગાજી છે), **સા** - તે (આધિદૈવિકી મૂર્તિ), **ભક્ત્યા** - ભક્તિ વડે, **ગંગાયા** - ગંગાજી પ્રવાહમાં, **ચ** - જ, **ક્વચિત્** - કોઈક વખતે (ભક્તિના ઉત્કર્ષ વખતે અથવા ગંગાદ્વાર વગેરે કોઈક સ્થળમાં) **વિશેષેણ** - વિશેષ રીતે (ભક્તિની ઘણી અધિકતાથી), **પ્રવાહભેદબુદ્ધયે** - (દેખાતા) પ્રવાહમાં અભેદ બુદ્ધિવાળા (પુરુષ) તે.



શ્રીગંગાજી આધિદૈવિક સ્વરૂપે

ભાવાર્થ :

આ ગંગાજીમાં દેવતા રૂપ ગંગાજી પણ છે. ભક્તિનો ઉત્કર્ષ થાય ત્યારે ક્યાંક દેખાય છે. ભક્તની બુદ્ધિમાં પ્રવાહથી ગંગાજી જુદા નથી તેવી સમજ છે.

શ્રીગંગાજીનું ત્રીજુ એક સ્વરૂપ છે. તે અધિદૈવિક સ્વરૂપ છે. તે મૂર્તિ સ્વરૂપ છે. આધિભૌતિક પ્રવાહ અને આધ્યાત્મિક તીર્થરૂપથી તે અલગ છે. આ ત્રણેય સ્વરૂપો ગંગાજીમાં જ રહે છે. ભક્તમાં જયારે ભક્તિ વધે છે ત્યારે ગંગાદ્વાર વગેરે સ્થળે મૂર્તિ રૂપ ગંગાજીનાં દર્શન થાય છે. આ આધિદૈવિક સ્વરૂપ શરદઋતુના ચંદ્ર જેવું શ્વેત છે. શિર પર મુકુટ છે. તેમાં ચંદ્રકલા બાંધી છે. તેમને ચાર ભુજા છે.

તેમાં કલશ, કમલ, વરમુદ્રા અને અભયમુદ્રા છે. એમનાં વસ્ત્ર શ્વેત છે અને વાહન મગગર છે.

ભગીરથ રાજાએ શ્રીગંગાજીને ભીષ્મના માતૃભાવથી બિરાજતાં જોયા છે. ભગીરથને ગંગાજી એ પ્રસન્ન થઈ વરદાન આપ્યુ છે. આ આધિદૈવિક સ્વરૂપ છે.

જગતમાં પણ ભગવાન બિરાજે છે. ભગવદ્ ભક્તમાં પણ બિરાજે છે. ભગવાન સર્વમાં બિરાજે છે આવી અભેદ બુદ્ધિ થાય તો ભગવાન પ્રકટ દર્શન દે છે.

પ્રત્યક્ષા સા ન સર્વેષાં, પ્રાકામ્યં સ્યાત્તયા જલે ।
વિહિતાચ્ચ ફલાત્તદ્ધિ, પ્રતીત્યાપિ વિશિષ્યતે ।।૮।।

સાન્વયયાર્થ : **પ્રત્યક્ષા** - પ્રત્યક્ષ નજરે, **દશ્યતે** - દેખાય છે, **સર્વેષાં** - બધાંઓને, **ન** - (પ્રત્યક્ષ દેખાતાં) નથી, (તો પણ) **તયા** - એ (પરમ ભક્તને પ્રત્યક્ષ થનારાં દેવતારૂપ શ્રી ગંગાજી) જેમને લીધે, **જલે** - ગંગાજળમાં, **પ્રાકામ્યં** - ઉત્તમ કામના વિષયપણું (શાસ્ત્રાદિકમાં નિષેધ નથી એવો સ્નાનાદિક બધો ઉત્તમ વ્યવહાર કરવો એમ), **સ્યાત્** - (સિદ્ધ) થાય છે (તેમજ), **તત્** - એ (શ્રી ગંગાજીનુ) જળ, **હિ** - નિશ્ચયથી, **વિહિતાત્** - શાસ્ત્રમાં કહેલા, **ફલાત્** - ફળથી, **ચ** - અને, **પ્રતીત્યા** - (મોટાઓના અંતઃકરણની) પ્રતીતિ વડે, **અપિ** - પણ, **વિશિષ્યતે** - (બીજા જળ કરતાં) વિશેષ બની રહે છે.

શ્રીગંગાજલ

ભાવાર્થ :

ગંગાજી (મૂર્તિરૂપ) બધાને પ્રત્યક્ષ દેખાતા નથી. ભક્તને પ્રત્યક્ષ થાય છે. આથી ગંગાજલમાં સ્નાનાદિ વ્યવહાર કરવો એમ સિદ્ધ થાય છે. ગંગાજીનું જળ ચોક્કસ પણે શાસ્ત્રમાં કહેલ ફલથી અને મહાપુરૂષોને થતી અંતઃ કરણની પ્રતીતિ વડે બીજા જળ કરતાં વિશેષ છે.

ભક્તિ અતિશય વધે ત્યારે ગંગાજીના દર્શન થાય છે. દેવતા રૂપ ગંગાજી પ્રવાહમાં જ બિરાજે છે તેવી સમજ હોવી જોઈએ. આથી શાસ્ત્ર સંમત હોય તે રીતે ગંગાજીમાં સ્નાન કરવું.

યથા જલં તથા સર્વં યથા શક્તા તથા બૃહત્ ।
યથા દેવી તથા કૃષ્ણસ્તત્રાપ્યેતદિહોચ્યતે ।।૯।।

સાન્વયયાર્થ : **યથા** - જેમ, શક્તા (પાપદિક નિવૃત્તિ કરવામાં) શક્તિવાળાં (તીર્થરૂપ શ્રીગંગાજી) **તથા** - તેમ, સર્વ - બધું જગત, **યથા** - જેમ, **શક્તા** - (પાપાદિક નિવૃત્ત કરવામાં) શક્તિવાળાં (તીર્થરૂપ શ્રીગંગાજી) **તથા** - તેમ, **બૃહત્** - અક્ષરબ્રહ્મ (અને), **યથા** - જેમ, **દેવી** - દેવતારૂપ (આધિદૈવિક શ્રીગંગાજી), **તથા** - તેમ, **કૃષ્ણઃ** - (સર્વહી - સર્વશક્તિમાન) શ્રીકૃષ્ણ (જાણવા, હવે) **ઈહ** - આ સિદ્ધાંત વિશે, **તત્ર** - એ (આધિદૈવિક વિચાર)માં, **અપિ** - પણ, **ચેતત્** - એ (આગળ કહેવાનું) **ઉચ્યતે** - કહિએ છીએ અથવા, **તત્ર** - એ (જગતરૂપ)માં **અપિ** પણ, **એતત્** - (આગળ કહેવાનું જે ઓછા વધતા પણું) એ, **ઉચ્યતે** - કહિયે છીએ.

ભાવાર્થ :

પ્રવાહી જળ ના જેવું જગત છે. પાપ વગેરે દૂર કરતી શક્તિના તીર્થ રૂપ અક્ષર બ્રહ્મ છે. દેવતા રૂપ આધિદૈવિકે ગંગાજીના જેવું કૃષ્ણરૂપ જાણવું. જગત વિષે પણ આગળ કહેવાશે.

ગંગાજી ત્રણ પ્રકારના સ્વરૂપે બિરાજે છે. આવી રીતે બ્રહ્મ પણ ત્રણ પ્રકાર થી છે.

સ્વરૂપ	**ગંગાજી**	**બ્રહ્મ**
આધિભૌતિક	જળ	જગત
આધ્યાત્મિક	તીર્થાત્મક	બૃહત્ (અક્ષરબ્રહ્મ)
આધિદૈવિક	મૂર્તિ-દેવી	શ્રીકૃષ્ણ (સર્વજ્ઞ, સર્વશકિત)

શુદ્ધાદ્વૈત સિદ્ધાંતમાં જગત વિષે કાંઈક વધુ વિચાર થયો છે.

જગત્ તુ ત્રિવિધં પ્રોક્તં, બ્રહ્મવિષ્ણુશિવાસ્તતઃ ।
દેવતારૂપવત્ પ્રોક્તા, બ્રહ્મણીત્થં હરિર્મતઃ ।।૧૦।।

સાન્વયયાર્થ : **જગત્** - જગત, **તુ** - તો (જે હેતુ માટે), **ત્રિવિધમ્** - (સત્વાદિક ત્રણ ગુણોના કાર્યપણાથી) ત્રણ પ્રકારનું, **પ્રોક્તમ્** - કહેલું છે. **તતઃ** - એ હેતુથી, **બ્રહ્મ વિષ્ણુ શિવાઃ** - બ્રહ્મા વિષ્ણુ અને શિવ એ ત્રણને, **દેવતારૂપવત્** - (ઉપાસ્ય) દેવતાની રીતે, **પ્રોક્તાઃ** - કહેલા છે, **ઈત્થમ્** - આ રીતે, **બ્રહ્મણિ** - અક્ષર બ્રહ્મ વિશે, **હરિઃ** - દુઃખ હરનારા (શ્રી ભગવાન પુરુષોત્તમ) **મતઃ** - (આધિદૈવિક રૂપ) માનેલા છે.


બ્રહ્મા વિષ્ણું મહેશ

લૌકિક ઈચ્છાઓ આ ત્રણ દેવ દ્વારા પૂર્ણ થાય છે.

ભાવાર્થ :

જગતને ત્રણ પ્રકારનું કહ્યું છે. તેના અનુસાર બ્રહ્મા, વિષ્ણુ અને શિવ ત્રણ દેવતા કહ્યા છે. જેને બ્રહ્મભાવ થયો છે તેણે તો હરિની જ ઉપાસના કરવી.

જગત ત્રણ ગુણોવાળું છે. આ ત્રણ ગુણોના નામ સત્વ, રાજસ, તામસ છે. આ ગુણો ભગવાનમાંથી નિકળ્યા છે. પ્રથમ તો નિર્ગુણ પરમાત્મા હતા. એમણે પછી ત્રણ ગુણો ઉત્પન્ન કર્યા માયાએ આ ત્રણ ગુણોનો જગત સંબંધે ઉપયોગ કર્યો છે. રાજસગુણથી જગતની ઉત્પત્તિ, સત્વગુણથી સ્થિતિ અને તામસથી પ્રલય છે. ભગવાનના સદ્રૂપથી સત્વ ગુણ, કેવળ ચિદ્ રૂપથી રજો ગુણ અને આનંદ અંશથી તમોગુણ ઉત્પન્ન કર્યો છે. ભગવાન સ્વયંતો નિર્ગુણ જ છે.

કરોળિયો જાળું બનાવવા પહેલા લાળ કાઢે છે. પછી જાળું બાંધે છે. ભગવાન પણ જગતની ઉત્પતિ, સ્થિતિ અને પ્રલય માટે ક્રમશઃ રજોગુણ, સત્વગુણ અને તમોગુણ પોતાનામાંથી જ ઉત્પન્ન કરે છે. માયા આ ગુણોનો ઉપયોગ કરે છે. માયા ભગવાનની શકિત છે. તે ભગવાનના અંતઃકરણમાંથી ઉત્પન્ન થઈ છે. આથી માયા મિથ્યા નથી. માયા કારણ છે. ગુણો કાર્ય છે.

ગુણો માયાને વશ છે. માયા સચ્ચિદાનંદ ભગાવનને વશ છે. આમ જગત ત્રિગુણાત્મક બને છે. આ ગુણોનો સ્વભાવ બંધન કરવાનો છે. જીવનું તે બંધન કરે છે.

સત્વગુણ ઉત્તમ છે. નિર્મળ પણ છે. તે જીવને લૌકિક વૈદિક ક્રિયામાં પ્રવૃત કરે છે. તેનાથી સુખ રૂપી ભોગ થાય છે. તે ભોગવવા જુદા જુદા જન્મ લેવા પડે. આરીતે સત્ત્વગુણ બંધન કરે છે.

રજોગુણ રાગાત્મક છે તે તૃષ્ણા અને આસંગને ઉત્પન્ન કરે છે. જે પદાર્થ પ્રાપ્ત નથી થયો તેની ઈચ્છા કરવી તે તૃષ્ણા છે. જે પદાર્થ મળ્યો છે. તેમાં આસકિત થવી તે આસંગ છે. તૃષ્ણા માટે પાપ-પુણ્ય રૂપ કર્મ કરવા પડે છે. રજો ગુણ કર્મ કરાવી જીવને બંધન કરે છે.

તમોગુણ અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. આનાથી જીવને ઉલટું જ્ઞાન થાય છે. તેથી મોહ થાય છે. તેથી પ્રમાદ, આળસ અને નિદ્રા થાય છે. આ રીતે જીવને બંધન થાય છે.

કામચારસ્તુ લોકેઽસ્મિન્, બ્રહ્માદિભ્યો ન ચાન્યથા ।
પરમાનંદરૂપે તુ, કૃષ્ણે સ્વાત્મનિ નિશ્ચયઃ ।।૧૧।।

સાન્વયયાર્થ : **અસ્મિન્** - આ (ત્રણ પ્રકારના) **લોકે** - લોકમાં, **કામચાર** - (ઉપાસકોની) ઈચ્છાથી (તે તે લોક વિશેની) પ્રાપ્તિ અથવા ભોગ એ, **તુ** - તો, **બ્રહ્માદિભ્ય** - બ્રહ્માદિકથી, **ચ** - જ (થાય છે), **અન્યથા** - બીજી રીતે (બ્રહ્માદિક વિના અથવા બ્રહ્માદિકની ઈચ્છા કરતાં બીજી રીતે) **ન** - નથી (સિદ્ધ થતા) **તુ** - અને, **સ્વાત્મનિ** - પોતાના આત્મા માટે, **પરમાનંદરૂપે** - નિત્ય અને નિરવધિ આનંદરૂપ, **કૃષ્ણે** - શ્રીકૃષ્ણમાં જ, **નિશ્ચયઃ** - બીજા ઘણા કામના સમુદાયથી જુદો પડેલ એવો પરમ આનંદરૂપ કામચાર સિદ્ધ થાય છે.

ભાવાર્થ :

આ લોકમાં કામનાની પ્રાપ્તિ બ્રહ્માદિકથી થાય છે. બીજા કોઈ પ્રકારે થતી નથી. ભકતોના મનોરથ તો પરમાનંદ શ્રીકૃષ્ણ દ્વારા નિશ્ચિત પણે પૂર્ણ થાય છે.

જગતના અધિષ્ઠાતા બ્રહ્મા વગેરે દેવો છે. જે તે દેવોની ઉપાસના કરનારને તે તે પ્રકારે ભોગ પ્રાપ્તિ થાય છે. આ દેવો સિવાય બીજા કોઈથી મનોરથની પૂર્તિ થતી નથી


વ્રજની રક્ષા કરી સ્વરૂપાનંદનું દાન કરતાં શ્રીકૃષ્ણ

પોતાના આત્મા માટે તો પરમાનંદ રૂપ શ્રીકૃષ્ણ જ મનોરથ પૂર્ણ કરનારા છે. દેવો માત્ર લૌકિક ફળ આપી શકે છે. તે ફળ અવધિવાળું છે. કાયમી નથી. દેવો આથી જ આત્મા વિષેના મનોરથો પૂર્ણ નથી કરી શકતા. આત્માને તો નિરવધિ સુખની પ્રાપ્તિ કરવી છે. તે પરમાનંદ રૂપ પુરુષોત્તમથી જ મળે છે. ભગવદ્ ભક્તના મનોરથ પરમાત્મા પૂરે છે. બીજા જીવોના મનોરથ બ્રહ્મા વગેરે દેવો દ્વારા પૂર્ણ થતા મનોરથો વાસ્તવમાં તો ભગવાને જ પૂર્ણ કર્યા એમ સમજવું જોઈએ. ભગવાન સિવાય ફળ આપવાની શક્તિ કોઈનામાં નથી.

અતસ્તુ બ્રહ્મવાદેન, કૃષ્ણે બુદ્ધિર્વિધીયતામ્ ।
આત્મનિ બ્રહ્મરૂપે હિ, છિદ્રા વ્યોમ્નીવ ચેતના ।।૧૨।।

સાન્વયયાર્થ : (ભક્તિમાર્ગમાં તો સર્વને નિયમમાં રાખનારા શ્રીકૃષ્ણ જ છે) **અત** - આથી, **તુ** - પુનઃ, **બ્રહ્મવાદને** - બધું બ્રહ્મ જ છે એ રીતે શ્રીભગવદ્ ગીતાજી અને વ્યાસ સૂત્ર વગેરેમાં કહેલા) બ્રહ્મવાદ થી, **કૃષ્ણે** - (પરબ્રહ્મ) શ્રીકૃષ્ણમાં, **બુદ્ધિ** - અંતઃકરણ, **વિધીયતામ્** - વિશેષ કરી ધારણ કરવું, **આત્મનિ** - આત્માના વિષયમાં કહેવાય છે, **હિ** - કારણ જે (નિબંધ, શ્રુતિ, સ્મૃતિ અને વ્યાસ સૂત્ર વગેરેમાં જીવોને બ્રહ્મરૂપ, અંશ, અણુ અને ચૈત્યનની મુખ્યતાથી કહ્યા છે માટે), **બ્રહ્મરૂપે** - (બ્રહ્મના અંશ પણાથી) બ્રહ્મરૂપ, આત્મામાં (જીવમાં), **વ્યોમ્નિ** - આકાશમાં, **ઈવ** - જેમ (આપણી વગેરેથી ઉત્પન્ન કરેલાં), **છિદ્રા** - છિદ્રો (જોવામાં આવે છે તેમ), **ચેતના** - બુદ્ધિઓ (છે) એ જીવોને સંસારીપણું ઉત્પન્ન કરી આપે છે.

ભાવાર્થ :


કૃષ્ણદેવરાયની ધર્મ સભામાં બ્રહ્મવાદનું સ્થાપન કરતાં શ્રીમહાપ્રભુજી.

આથી બ્રહ્મવાદ દ્વારા શ્રીકૃષ્ણમાં બુદ્ધિ સારી રીતે રાખવી.

પરબ્રહ્મ તો સદાનંદ શ્રીકૃષ્ણ જ છે. તે સર્વસમર્થ છે. આ દેખાતું જગત બ્રહ્મરૂપ જ છે. કારણ જગત બ્રહ્મથી જ જન્મે છે. એમાં જ એનું જીવન છે, એમાં જ એનો લય છે. દેખાતું આ ગજત અગાઉ સત્ જ હતું. આમ દેખાતું બધું જગત બ્રહ્મરૂપ છે. આ રીતે બ્રહ્મવાદ દ્વારા પોતાના અંતઃકરણમાં શ્રીકૃષ્ણને જ ધારણ કરવા.

આત્મા વિષે કહે છે. બ્રહ્મરૂપ આત્મામાં (જીવમાં) જેમ આકાશને ચાળણીમાંથી જોતાં તેમાં છિદ્રોલાગે છે. તેમ બુદ્ધિએ (ચેતનાએ) જીવોને સંસારી પણું ઉત્પન્ન કરી દીધું છે.

જીવને પોતાના સ્વરૂપના જ્ઞાનની જરૂર છે. આત્માને જીવ કહે છે. તે બ્રહ્મનો અંશ છે. આથી તે બ્રહ્મરૂપ છે. આ આત્મા (જીવ) કેવળ બ્રહ્મની ઈચ્છાથી જ અને બ્રહ્મથી જ પ્રકટ થાય છે. માટે તે બ્રહ્મકૃત છે. કોઈ યોગબલથી થયા નથી.

જીવ અણુ જેવો છે. વાળના અગ્રભાગ જેવડો છે. ભગવાનનો અંશ જ જીવ થયો છે. જીવમાં ચિત્ત એટલે ચેતના મુખ્ય છે. બ્રહ્મઅંશ રૂપી જીવ પોતાના આ સ્વરૂપને ભૂલે છે. જીવને હું અને મારું એવુ સંસારી પણું થાય છે. આવું થવાનું કારણ તેની બુદ્ધિ છે.

ચારણીમાંથી જોતાં આકાશ છિદ્રોવાળું દેખાય છે. જે અવિદ્યાનું સ્વરૂપ છે. અવિદ્યા જીવને ક્ષુદ્ર કરે છે.

આકાશમાં કોઈ છિદ્રો નથી. ચાળણીની મદદથી જોતાં અખંડ

આકાશ છિદ્રવાળું દેખાય છે. આ રીતે અવિદ્યાના લીધે જીવમાં ક્ષુદ્રપણું દેખાય છે. આ ક્ષુદ્રપણું બ્રહ્મનો ધર્મ નથી. શ્રીકૃષ્ણની સેવા કરવાથી જીવને અવિદ્યારૂપ સંસાર રહેતો નથી. આથી સંસાર મિથ્યા છે. બ્રહ્મરૂપ જગત તો સત્ય જ છે.

આત્મા હૃદયમાં રહે છે. આત્માનો ધર્મ ચૈતન્ય છે આથી જ તે સંપૂર્ણ શરીરમાં ભાસે છે. ઘરના એક ખૂણામાં પડેલો દીવો આખા ઘરને અજવાળે છે તેમ અહીં સમજવું.

કસ્તુરી એક જગ્યાએ છે. તેની સુગંધ તો ઘણા ભાગમાં ફેલાય છે. આ રીતે હૃદયમાં રહેલ આત્મા આખા દેહમાં ફેલાય છે.

ઉપાધિનાશે વિજ્ઞાને, બ્રહ્માત્મત્વાવબોધને ।
ગંગાતીરસ્થિતો યદ્વદ્ દેવતાં તત્ર પશ્યતિ ।।૧૩।।

સાન્વયાર્થ : **યદ્વત્** - જેમ, **ગંગાતીરસ્થિત** - ગંગાજીના કિનારે રહેલો (એનો ભક્ત) **તત્ર** - એ (આધિભૌતિક રૂપ પ્રવાહ)માં, **દેવતા** - આધિદૈવિક રૂપ (મૂર્તિમતી) શ્રી ગંગાજીને, **પશ્યતિ** - જુએ છે, **તથા** - એમ, **ઉપાધિનાશે** - (અવિદ્યારૂપ) ઉપાધિનો નાશ થાય (અને એ પછી), **બ્રહ્માત્મત્વાવબોધને** - (બધું જગત) બ્રહ્માત્મક પણાથી જાણવું એ રૂપી, **વિજ્ઞાને** - વિશેષ જ્ઞાન સિદ્ધ થતાં.

ભાવાર્થ :

અવિદ્યાનો નાશ થાય ત્યારે બ્રહ્માત્મપણાનો અનુભવ થાય છે. આનાથી પુરુષોત્તમના આવિર્ભાવની યોગ્યતા થાય છે. આવી યોગ્યતા થતાં જ જ્ઞાની પોતાના આત્મામાં પરબ્રહ્મ શ્રીકૃષ્ણને સારી રીતે જુએ છે જેમ ગંગાતીરે ઊભો રહેલો ભક્ત ગંગાના પ્રવાહમાં આધિદૈવિક મૂર્તિ સ્વરૂપ ગંગાજીના દર્શન કરે છે.

જીવને અવિદ્યાથી સંસારનું બંધન થયું છે. ભગવાન જે જીવોનો ઉદ્ધાર કરવા ઈચ્છે છે તેને ગુરુ મેળવી આપે છે. ગુરુના ઉપદેશથી સંસારનો નાશ થાય છે. વિજ્ઞાન અર્થાત્ આત્મજ્ઞાન થાય છે. આનાથી લીલા વિશિષ્ટ પુરુષોત્તમનાં દર્શન થાય છે. આ દર્શનથી કોઈ પ્રકારની અપેક્ષા રહેતી નથી.



જ્ઞાની ભક્તને ગંગાજીના પ્રવાહમાં મૂર્તિરૂપ ગંગાજીના દર્શન થાય છે.

ભજનમાં ઉપયોગી પદાર્થ પ્રભુ જ મેળવી આપે છે. આથી કોઈ દુઃખ રહેતું નથી. ગંગાજીના ઉદાહરણથી આ પ્રકાર સમજાય છે.

ગંગાજીના કિનારા પર રહેનાર અને ભક્તિ કરનારને ગંગાજીના પ્રવાહમાં મૂર્તિરૂપનાં દર્શન થાય છે. આ જ્ઞાની ભક્ત માટે છે.

તથા કૃષ્ણં પરં બ્રહ્મ, સ્વસ્મિઞ્જ્ઞાની પ્રપશ્યતિ ।
સંસારી યસ્તુ ભજતે, સ દૂરસ્થો યથા તથા ।।૧૪।।

સાન્વયયાર્થ : **જ્ઞાની** - (બ્રહ્મને જાણનાર) જ્ઞાની પુરુષ, **સ્વસ્મિન્** - પોતાના વિશે (ભક્તિ વડે), **પરમ્** - પર, **બ્રહ્મ** - બ્રહ્મ એવા, **કૃષ્ણમ્** - કૃષ્ણને, **પ્રપશ્યતિ** - ઉત્તમ રીતે જુએ છે, **સંસારી** - સંસાર વાળો, **ય** - જે (ભક્ત), **ભજતે** - (ભગવાનને) ભજે છે, **સ** - તે, **તુ** - તો, **યથા** - જેમ **દૂરસ્થ** - (ગંગાજીથી) દૂર દેશમાં રહેલો (શ્રીગંગા ભક્ત).

ભાવાર્થ :

ગંગાજીથી દૂર દેશમાં રહેતો ગંગાજીનો ભક્ત પોતાને સ્નાન વગેરે માટે ઈચ્છિત જળ અને ગંગાજીના મૂર્તિ સ્વરૂપનું દર્શન ન થતાં દુઃખી થાય છે. આજ રીતે સંસારી ભગવાનને ભજે તો ભગવાનનું દર્શન ન થતાં દુઃખ ભોગવે છે.

સંસારી ભક્ત ભગવાનને જોવા ઈચ્છા કરે છે પણ અવિદ્યાના અંતરાયથી દર્શન થતાં નથી. આથી તે દુઃખી બને



ગંગાજીથી દૂર રહેતો સંસારી ભક્ત દુઃખ ભોગવે છે.

છે. ગંગાજીનો ભક્ત ગંગાજીથી દૂર રહે તો તેને જળ કે મૂર્તિ સ્વરૂપના દર્શન થતાં નથી અને દુ:ખી થાય છે. આમ ભક્તિમાર્ગમાં ભગવાનના દર્શનની ઉત્કટ ઈચ્છા હોય અને દર્શન ન થાય તો ક્લેશ થાય છે. આનું કારણ અવિદ્યાનો અંતરાય છે.

અપેક્ષિતજલાદીનામભાવાત્ તત્ર દુ:ખભાક્ ।
તસ્માત્શ્રીકૃષ્ણમાર્ગસ્થો વિમુક્તઃ સર્વલોકતઃ ।।૧૫।।

સાન્વયયાર્થ : **અપેક્ષિતજલાદીનામ્** - (પોતાને સ્નાન વગેરે માટે) ઈચ્છિત જળ અને શ્રીગંગાજીનું દર્શન એ, **અભાવાત્** - નહિ મળવાથી, **તત્ર** - ત્યાં (દુ:ખી થાય છે), **તથા** - તેમ (પોતાને ઈચ્છિત એવું શ્રીભગવાનનું દર્શન વગેરે નહિ હોવાથી), **દુ:ખભાક્** - દુ:ખ ભોગવનારો (થાય છે.), **તસ્માત્** - તે કારણે, **શ્રીકૃષ્ણમાર્ગસ્થ** - શ્રીકૃષ્ણના માર્ગમાં રહેલો (પુરુષ), **સર્વલોકત** - બધા લોક (સંસાર)થી, **વિમુક્ત** - વિમુક્ત (થઈને).

ભાવાર્થ :

શ્રીકૃષ્ણના માર્ગમાં રહી સર્વ સંસારથી છૂટા પડી ભગવદ્ આનંદ રૂપી સમુદ્રમાં વિહાર કરતાં શ્રીકૃષ્ણની ભક્તિ કરવી.

પુષ્ટિ ભક્તે તો શુદ્ધ પુષ્ટિ ભક્તિમાં રહેવું. અહંતા અને મમતા છોડી શ્રીકૃષ્ણને ભજવા. જે લીલા ઉપર વિશેષ પ્રેમ આવતો હોય તે લીલાનું સ્વરૂપ પધરાવી સેવા કરવી. ભગવાનની લીલા નિત્ય છે. ભગવાન અનંદમય છે આથી ભક્તને આનંદ જ મળશે.

આત્માનંદસમુદ્રસ્થં, કૃષ્ણમેવ વિચિન્તયેત્ ।
લોકાર્થી ચેદ્ ભજેત્કૃષ્ણં, ક્લિષ્ટો ભવતિ સર્વથા ।।૧૬।।

સાન્વયયાર્થ : **આત્માનન્દસમુદ્રસ્થમ્** - આત્માના આનંદરૂપી સમુદ્રમાં બિરાજતા, **કૃષ્ણમ્** - શ્રીકૃષ્ણનું, **એવ** - જ, **વિચિન્તયેત્** - વિશેષ ચિંતન કરે, **લોકાર્થી** - લોક સંબંધી પદાર્થોના પ્રયોજનવાલો, **ચેત્** - જો, **કૃષ્ણમ્** - કૃષ્ણને, **ભજેત્** - ભજે (તો) **સર્વથા** - બધી રીતે (લોકથી) **ક્લિષ્ટ** - દુ:ખી, **ભવતિ** - થાય છે.

ભાવાર્થ :



લૌકિક પ્રાપ્ત કરવા પ્રભુને ભજતા ભક્તને ક્લેશ મળે છે.

લોકાર્થી જો કૃષ્ણનું ભજન કરે તો એને ક્લેશ થાય છે અને જેને ક્લેશ થયો છે તે ભકત જો શ્રીકૃષ્ણને ભજે તો એનો લોક નષ્ટ થાય છે.

જેને પશુ, પુત્ર અને સ્ત્રી વગેરેની ઈચ્છા છે, જેને પોતાનું ઐહિક સિદ્ધ કરવું છે અને જેને જ્ઞાન થયું નથી તે લોકાર્થી કહેવાય છે. આવા જનો શ્રીકૃષ્ણને ભજે તો ક્લેશ મળશે, તેના ભજનમાં પ્રયોજન છે. આ નિર્ગુણભક્તિ નથી. આ કારણથી આનંદ ન થતાં ક્લેશ મળે છે. પોતે ધારેલુ સુખ મળતું નથી માટે ક્લેશ થાય છે. શ્રીકૃષ્ણ તો કહે છે કે, ‘‘જેની પર હું અનુગ્રહ કરૂં છું તેનું ધીરે-ધીરે સઘળું ધન હરી લઉં છું’’ પ્રસન્ન થયેલા ભગવાન લૌકિક નથી આપતાં પણ અલૌકિક સુખ આપે છે.

લોકાર્થી ત્રણ પ્રકારનાં છે - એક ને ભજનથી સંસારની નિવૃતિ કરવી છે, બીજાને સેવા દ્વારા કંઈક મેળવવું છે અને ત્રીજો સેવામાં આગ્રહી નથી. ઉદાસીન છે. આ ત્રણે અધમ અધિકારી છે. તેમને ક્લેશ જ મળે. સંસારથી દુ:ખી થયેલો ભક્ત, ભગવાનને ભજવા તે સ્વધર્મ ગણી ભજે તો તેના સંસારનું દુ:ખ દૂર થાય છે.

ક્લિષ્ટોપિ ચેદ્ ભજેત્કૃષ્ણં, લોકો નશ્યતિ સર્વથા ।
જ્ઞાનાભાવે પુષ્ટિમાર્ગી, તિષ્ઠેત્પૂજોત્સવાદિષુ ।।૧૭।।

સાન્વયયાર્થ : **ક્લિષ્ટ** - ક્લેશવાળો, **અપિ** - પણ, **ચેત્** - જો (લોક વિરક્ત બની), **કૃષ્ણમ્** - કૃષ્ણને, **ભજેત્** - ભજે (તો), **સર્વથા** - બધી રીતે, **લોક** - લોક (સંસાર), **નશ્યતિ** - નાશ પામે છે, **પુષ્ટિમાર્ગી** - પુષ્ટિભક્ત, **જ્ઞાનાભાવે** - જ્ઞાનના અભાવમા, અર્થાત્ પોતાના સ્વરૂપ અને ભગવત્સ્વરૂપનું જ્ઞાન ન હોય ત્યારે, **પૂજોત્સવાદિષુ** - (એકાદશસ્કંધમાં શ્રી ભગવાને ઉદ્ધરજીને કહેલી)

પૂજાનો પ્રવાહ અને પર્વાદિકમાં થતા ઉત્સવ વગેરે જ્યાં ચાલુ હોય તેવા સ્થળોમાં **તિષ્ઠેત્** - રહે (અને).

ભાવાર્થ :

ક્લેશ વાળો પણ વિરક્ત બની કૃષ્ણને ભજે તો તેનો સંસાર નાશ પામે છે.



શ્રી ગોવર્ધન પૂજામાં પરોવાયેલ પુષ્ટિ ભક્તો

જ્ઞાન ન હોય તો પણ પુષ્ટિમાર્ગીય ભક્ત શ્રીભાગવાતમાં પરોવાઈને પૂજા ઉત્સવ વગેરે માં તૈયાર રહે.

જે ભક્તને પોતાના સ્વરૂપનું જ્ઞાન નથી અને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન નથી તે મધ્યમ અધિકારી પુષ્ટિ જીવો છે. આ પ્રકારે મધ્યમ મર્યાદા માર્ગી જીવો પણ હોય છે. આ પ્રકારના ભક્તોએ શ્રી ભાગવતમાં મનને પરોવવુ. જ્યાં ભગવાનના ઉત્સવ થતાં હોય અને પૂજા પ્રવાહ ચાલતો હોય ત્યાં રહેવું.

મર્યાદાસ્થસ્તુ ગંગાયાં, શ્રીભાગવતતત્પરઃ ।
અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે, નિયામક ઈતિ સ્થિતિઃ ।।૧૮।।

સાન્વયયાર્થ : **મર્યાદાસ્થ** - મર્યાદામાર્ગમાં રહેલો (ભક્ત), **તુ** - તો (જ્ઞાનના અભાવમાં શ્રી ભાગવત પરાયણ થઈ), **ગંગાયામ્** - શ્રીગંગા તટે રહે, **પુષ્ટિમાર્ગ** - પુષ્ટિમાર્ગમાં, **અનુગ્રહ** - અનુગ્રહ, **નિયામક** - નિયામક છે. **ઇતિ** - આવી, **સ્થિતિઃ** - (પુષ્ટિમાર્ગની નિર્દોષ) મર્યાદા છે.

ભાવાર્થ :

મર્યાદામાર્ગી હોય તો શ્રીભાગવતમાં તત્પર રહી ગંગાકાંઠે રહે.

પુષ્ટિમાર્ગમાં પ્રભુનો અનુગ્રહ જ નિયામક છે.

મર્યાદા માર્ગીએ ગંગાની પાસે રહેવું આમ કહી તેમનું સ્થાન બતાવ્યું. સ્થાનનો આગ્રહ રાખ્યો. પુષ્ટિમાર્ગી માટે સ્થાનનો આગ્રહ નથી. જયાં



ગંગા તટે ભાગવતપારાયણ મર્યાદા ભક્ત

ભગવાનનો અનુગ્રહ થાય ત્યાં જ રહેવું. અનેક ભગવદીયોનો સત્સંગ થતો હોય ત્યાં ભગવાન બિરાજે છે. આથી આવા સ્થળો એ રહેવું.

ભગવાનનો અનુગ્રહ એટલે પુષ્ટિ. પુષ્ટિથી ઉત્પન્ન થયેલો ભક્તિમાર્ગ તે પુષ્ટિમાર્ગ સમજવો. પુષ્ટિથી જે ભક્તિ છે તે પુષ્ટિભક્તિ અનુગ્રહ ભગવાનનો એક ધર્મ છે. અનુગ્રહ પણ બે પ્રકારનો છે. સાધારણ અને વિશેષ. સાધારણ અનુગ્રહમાં ભગવાન ભક્તને લૌકિક અને અલૌકિક સર્વ ફળ આપે છે. વિશેષ અનુગ્રહમાં તો ભગવાન સ્વયં ફળ બની જાય છે. પુષ્ટિમાર્ગમાં વિશેષ અનુગ્રહ છે. અનુગ્રહથી કાળ, કર્મ અને સ્વભાવ પણ ભક્તને બાધા કરતા નથી. આવો અનુગ્રહ બધાને મળતો નથી. બ્રહ્માજી, મહાદેવજી અને લક્ષ્મીજી જેવા ભક્તોને પણ મળ્યો નથી પણ યશોદાજીને પ્રાપ્ત થયો છે.



અનુગ્રહથી શ્રી મહાપ્રભુજીના સેવક જીયદાસ સૂરીને
માત્ર એક પ્રહરની સેવાથી જ પ્રભુ પ્રાપ્તી

ઉભયોસ્તુ ક્રમેણૈવ પૂર્વોક્તૈવ ફલિષ્યતિ ।
જ્ઞાનાધિકો ભક્તિમાર્ગ, એવં તસ્માન્નિરૂપિતઃ ।।૧૯।।

સાન્વયયાર્થ : **ઉભયો** - બંને (જ્ઞાની અને ભક્ત)ને, **ક્રમેણ** - ક્રમથી (પ્રથમ પુષ્ટિમાર્ગમાં લઈ), **એવ** - જ, **તુ** - ફરીથી, **પૂર્વોક્તા** - આગળ કહેલી (માનસી સેવા), **એવ** - જ, **ફલિષ્યતિ** - સિદ્ધ થશે, **એવમ્** - આ રીતે (આગળ કહેલ

સિદ્ધાંતની રીતે અથવા જ્ઞાન માર્ગથી અક્ષરની પ્રાપ્તિ થાય છે અને ભક્તિમાર્ગથી શ્રી પુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે એ રીતે), **ભક્તિમાર્ગ** - ભક્તિમાર્ગ, **જ્ઞાનાધિક** - જ્ઞાન માર્ગથી ઉત્તમ છે, **તસ્માત્** - તેથી (શ્રી ગંગાજીના દષ્ટાંતથી), **નિરુપિત** - નિરૂપણ કરેલ છે.

ભાવાર્થ :

જ્ઞાની અને ભક્તને ક્રમથી (પ્રથમ પુષ્ટિમાં લઈ) ફરીથી આગળ કહેલી (માનસી) સેવા જ સિદ્ધ થશે. જ્ઞાનમાર્ગ કરતાં ભક્તિમાર્ગ અધિક છે. માટે આ ગ્રંથમાં ભક્તિમાર્ગનું વિવેચન પૂર્વક નિરૂપણ કરવામાં આવ્યું છે.

મર્યાદા માર્ગી જ્ઞાની અને ભક્ત ઉપર ભગવાન જયારે અનુગ્રહ કરે છે ત્યારે પ્રથમ બંને ને પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરાવે છે. મર્યાદા માર્ગના અંશને દૂર કરે છે. આવા જ્ઞાની અને ભક્ત પુષ્ટિમાર્ગને અનુસરી ભગવત્સેવા કરે ત્યારે એમને પુષ્ટિમાર્ગીય ફળ મળે છે.

જો પ્રભુની ઈચ્છા જ્ઞાની અને ભકતની મર્યાદા માર્ગમાં જ અંગીકાર કરવાની હોય તો એમને ભક્તિ આપતા નથી. પણ મુક્તિ રૂપ ફળ આપે છે.

જ્ઞાનમાર્ગમાં અક્ષર બ્રહ્મની ઉપાસના છે. ઉપાસકોને અક્ષરની પ્રાપ્તિ થાય છે. ભક્તિ માર્ગમાં શ્રીપુરુષોત્તમની સેવા છે. આ પુરુષોત્તમ ક્ષર અને અક્ષરથી પર છે અને લોક વેદમાં પ્રસિદ્ધ છે. આથી ભકતોને શ્રીપુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે. આમ ભક્તિમાર્ગ જ્ઞાનમાર્ગ કરતાં અધિક છે. મુક્તિ કરતાં ભક્તિમાં વિશેષ આનંદ છે. મર્યાદામાર્ગીને ગંગાદેવીના દર્શન ભક્તિથી જ થાય છે જ્ઞાનથી થતાં નથી. આમ ભકિત માર્ગનો ઉત્કર્ષ છે.

ભક્ત્યભાવે તુ તીરસ્થો, યથા દુષ્ટૈઃ સર્વકર્મભિઃ ।
અન્યથાભાવમાપન્નસ્તસ્માત્સ્થાનાચ્ચ નશ્યતિ ।।૨૦।।

સાન્વયયાર્થ : **યથા** - જેમ, **તીરસ્થ** - (શ્રી ગંગા) તટ પર રહેલ (પુરુષ), **ભક્ત્યભાવે** - ભક્તિના અભાવમાં, **તુ** - તો, **દુષ્ટૈ** - (વેદ નિંદા, અને પર સ્ત્રી ગમન જેવી દુષ્ટ (ખરાબ) એવાં, **સ્વકર્મભિઃ** - પોતાનાથી કર્મોથી, **અન્યથાભાવમ્** - અન્યથાપણાને (પાખંડીપણાને), **આપન્ન** - પ્રાપ્ત થઈ, **તસ્માત્** - એ, **સ્થાનાત્** - સ્થાનથી (તીર્થપણાના જ્ઞાનથી), **ચ** - પણ, **નશ્યતિ** - નાશપામે

છે (એમ પ્રભુના સાનિધ્યમાં રહેતો હોય, પણ તેને પ્રભુમાં ભક્તિ ન હોય તો એ પણ પોતાના દુષ્કર્મોથી આરૂઢ પતિત થઈ એ સ્થાનમાંથી છૂટી હીન યોનિમાં જન્મે છે.)


ગંગા કિનારે પણ દુષ્ટ કર્મ કરતો જીવ

ભાવાર્થ :

ગંગાના તીરે રહીને ભક્તિ ઉત્પન્ન ન થઈ હોય અને દુષ્ટ કર્મો કરે ત્યારે જીવ આરૂઢ પતિત બને છે. નષ્ટ થઈ જાય છે. આ જ રીતે ભગવાનના સાંનિધ્યમાં રહેવા છતાં ભક્તિ ન કરે અને દુષ્ટ કર્મો કરે તો તે પણ આરૂઢ પતિત થાય છે અને તે સ્થાનમાંથી છૂટી કોઈ હીન યોનિમાં જન્મ લે છે.

સર્વથી ઉત્તમ ભગવાનની સેવા કરવી તે છે. તેમાં પ્રથમ સાધન સેવા છે. તે તનુજા અને વિત્તજા છે. આ સેવા સદાય કરતાં રહેતાં ભક્તિ ઉત્પનન થાય છે. ભગવાનમાં માહાત્મ્યજ્ઞાન પૂર્વક સ્નેહ થાય છે. આનાથી ફળ રૂપ માનસી સેવા પ્રાપ્ત થાય છે.

ભગવાનની સમીપ રહેવું, શુદ્ધ આચરણ રાખવું અને ભકિત કરવી આ જ મુખ્ય કર્તવ્ય છે. ભક્તિ જ ઉત્તમ પુરુષાર્થ છે. ભક્તિ વગર આરૂઢ પતિત કહેવાય છે. આથી વેદે કહ્યા મુજબનાં આચરણ કરી ભગવાનની ભક્તિ કરવી.

એવં સ્વાશાસ્ત્રસર્વસ્વં, મયા ગુપ્તાં નિરૂપિતમ્ ।
એતદ્ બુદ્ધ્વા વિમુચ્યેત, પુરુષઃ સર્વસંશયાત્ ।।૨૧।।

સાન્વયયાર્થ : **એવમ્** - એ (આગળ અ દ્વાપ્રમાણે), **મયા** - મેં, સર્વશાસ્ત્ર **સર્વસ્વમ્** - પોતાના શાસ્ત્રનું સર્વસ્વરૂપ (સિદ્ધાંત), **ગુપ્તાં** - ગુપ્ત છે (તો પણ), **નિરુપિતમ્** - નિરૂપ્યો, **યેતત્** - એ (મારો કેટલો સિદ્ધાંત) **બુદ્ધ્વા** - જાણીને, **પુરુષઃ** - (કોઈપણ) પુરુષ, **સર્વ સંશયાત્** - બધા સંશયોથી, **વિમુચ્યેત** - મુક્ત થાય છે.



શ્રી મહાપ્રભુજીએ અચ્યુતદાસને
સર્વ સંદેહથી મુક્ત કર્યા

ભાવાર્થ :

આ પ્રકારે સ્વશાસ્ત્રનું સર્વસ્વ એવા સેવા-સિદ્ધાંતનું ગુપ્ત હોવા છતાં શ્રીઆચાર્યજીએ નિરૂપણ કર્યું. આ જાણવાથી મનુષ્યના સર્વ સંશયો દૂર થાય છે.

શ્રીઆચાર્યજી આ રીતે અહીં 'સિદ્ધાંત મુકતાવલી' ગ્રંથ પૂરો કરે છે. આ ગ્રંથ દ્વારા ભક્તિમાર્ગનું નિરૂપણ કરે છે. આમ તો આ પ્રકારનું જ્ઞાન ગુપ્ત રાખવાનું છે છતાં અધિકારી જીવો ઉપર કૃપા કરવા શ્રીઆચાર્યજી પ્રકટ કરે છે. આ નિરૂપણ જાણી અને આચરણ કરવાથી સર્વ પ્રકારના સંદેહ દૂર થાય છે. સ્વકર્તવ્યનું જ્ઞાન થાય છે. સ્વકર્તવ્ય તો ભગવાનની ભક્તિ જ છે.

આ ગ્રંથમાં પાંચ પ્રકારના ભક્ત બતાવ્યા.

૧.	જ્ઞાનીભક્ત (ઉત્તમ અધિકારી)	બ્રહ્મવાદથી શ્રીકૃષ્ણમાં બુદ્ધિ કરે છે. માનસી સિદ્ધ થાય છે.
૨.	મર્યાદા પુષ્ટ ભક્ત (મધ્યમ અધિકારી)	જીવ સ્વરૂપ જાણવું. અંતઃકરણમાં શ્રીકૃષ્ણનું ભક્તિથી દર્શન કરે. અંતે પુરુષોત્તમ સાયુજય મળે.
૩.	સંસારી ભકત (હીન અધિકારી)	સંસાર વળગીને રહ્યો છે. ભગવાનને ભજે છે. દુઃખી થાય છે. લીલા વિશિષ્ટ પ્રભુના ચિંતનથી સંસારનો નાશ થાય છે.
૪.	ચોથા પ્રકારના ભક્તના મનમાંથી સંસાર તથા લોકાર્થી પણું અલગ થતા નથી. ભગવાનને ભજતાં ક્લેશ પામે છે. શ્રીભાગવત પરાયણ થવાથી અને મર્યાદામાર્ગી હોય તો ગંગાજીના તીરે ભાગવત પાઠ કે શ્રવણ કરવાથી ચિત્ત પ્રભુ પરાયણ બને છે.	
૫.	અરૂઢપતિત	પોતાના દેહથી ભગવાનની સેવા કરવાની ઈચ્છા થતી નથી. સંસારનો આવેશ છોડી સેવામાં પરોવાય તો તેમને મુકિત મળે. નહીં તો બીજા જન્મો લેવા પડે.

।। પ્રબોધાયેલ સેવાના સિદ્ધાંત ।।

- અ.સૌ. વર્ષા પરીખ

- શ્રી મહાપ્રભુજી શ્રીહરિને પ્રથમ નમન કરે છે પછી સિદ્ધાંત પ્રબોધે છે.

  આ દ્વારા એ બોધ આપ્યો કે પુષ્ટિ ભક્તિમાર્ગમાં દીનતા જ સાધન છે. જીવ નમન સિવાય બિજું કંઈ જ આપી શકતો નથી. 'દૈન્યં તત્તોષણં' - દીનતાથી પ્રભુ પ્રસન્ન થાય.

- નમન હરિને છે. હરિ એટલે જ પ્રતિબંધો અને દુ:ખોને દૂર કરનાર. આપશ્રી આ સિદ્ધાંત પ્રકટ કરતા કહે છે સેવકોના આચરણમાં થતા પ્રતિબંધો, દુ:ખો ચોક્કસ દૂર થશે જ.

- શ્રી મહાપ્રભુજી સ્વસિદ્ધાંત પ્રબોધે છે. 'સ્વ' એટલે પોતાના વિચારો નહીં પણ 'સ્વ' એટલે જે આપશ્રીનું સર્વસ્વ છે એટલે કે વેદાદિ પ્રમાણ ગ્રંથોમાં નિરૂપેલ સેવાના સિદ્ધાંત. બધા શાસ્ત્રોમાં ચાર શાસ્ત્રોને આપશ્રી પ્રમાણગ્રંથ ગણે છે. (૧) વેદ (૨) શ્રીમદ્ ભગવદ્ ગીતા (કૃષ્ણવાક્યાનિ) (૩) બ્રહ્મસૂત્રો (૪) શ્રી ભાગવત. આ ચારે શાસ્ત્રોમાં ક્યાંય વિરોધ નથી. એકમત છે. માટે એ સિદ્ધાંતોને શ્રીમહાપ્રભુજી સ્વસિદ્ધાંત કહે છે.

આજ સેવાના સિદ્ધાંતને વિશદ રીતે પ્રકટ કરતાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ''કૃષ્ણ સેવા સદા કાર્યા''. કૃષ્ણ સેવા જ સેવકનું મુખ્ય કર્તવ્ય છે. આ સેવા સદા કરવાની છે. સદામાં 'દા' પ્રત્યય કાલવાચક છે. એટલે સતત રાત-દિવસ આ સેવા કરવાની છે.

સામાન્ય રીતે સમાજસેવા, જનસેવા, પશુસેવા, ગ્રંથસેવા, દેશસેવા, વગેરે વિવિધ સેવાઓ પ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠા માટે થતી હોય છે. દુ:ખીને મદદ કરવી, દયા કરવી, પરોપકાર કરવો એ આવકાર્ય છે પરંતુ પુષ્ટિમાર્ગમાં આ સેવઓની ગૌણતા, દુર્બલતા છે.

આ ઉપરથી શ્રીગુસાંઈજીનો કુંજડીવાળો પ્રસંગ યાદ આવે છે. કુંજડી ઝારીજીનું જળ પાઈને આપે પરબ તો નથી જ ખોલી. આમ દયા કરી પરોપકાર આપશ્રીએ કર્યો પણ કૃષ્ણસેવાની મુખ્યતાપૂર્વક. કૃષ્ણસેવા છોડી નથી.

આ સિદ્ધાંતની વિશેષતા એ છે કે કૃષ્ણ સાથેના સંબંધથી જન-પશુ-ગ્રંથ-દેશ સેવા સંમત ગણાઈ છે, આવકાર્ય છે કારણ એ કૃષ્ણ સાથે જોડાયેલી છે.

આજ રીતે કૃષ્ણ સેવા છોડીને યજ્ઞાદિના આયોજન, મંત્રીક ઉપાસના, વૈદિકી દીક્ષા, તાન્ત્રીકી દીક્ષા વગેરે પણ સંમત નથી. એક વખત શ્રી ગોકુલનાથજીને સોમયાગની તૈયારી કરતા જોઈ એક સેવિકાએ કહ્યું કે શ્રીનાથજીની સેવામાં બધા યજ્ઞો સમાઈ જાય છે અને આપશ્રીએ યાગ બંધ રાખ્યો હતો.

શ્રીગુસાંઈજી મહારાજની સ્પષ્ટ આજ્ઞા છે કે ''સર્વદા સર્વભાવેન ભજનિયો વ્રજાધિપ, સ્વસ્યાય મેવ ધર્મોહિ નાન્ય ક્વાપિ કદાચન''. (ચતુશ્લોકી) વ્રજાધિપ કૃષ્ણ સેવા એ જ પુષ્ટિ જીવનું પરમ અને ચરમ કર્તવ્ય, નિશ્ચિત ધર્મ છે. આ સિવાય બીજો કોઈ ધર્મ હોઈ જ ન શકે. પરોપકાર, યાગાદિ, વર્ણાશ્રમ ધર્મો એ દેહધર્મો છે. જ્યારે કૃષ્ણ સેવા એ આત્માનો ધર્મ છે.

કૃષ્ણ સેવામાં કૃષ્ણ તત્ત્વની ઓળખ જરૂરી છે. આ કૃષ્ણ સારસ્વત કલ્પીય, દ્વાપરયુગના છે. સચ્ચિદાનંદ, પૂર્ણાનંદ પરમાત્મા, સદાનંદ, પરબ્રહ્મ અને વ્રજાધિપ છે.

સેવા રૂપ અને નામ બે પ્રકારની છે. રૂપ સેવામાં ત્યાગ અને વિનિયોગ છે. શ્રીમહાપ્રભુજી ''વિરહાનુભવૈકાર્થ સર્વ ત્યાગો પદેશક'' છે. વિનિયોગ શ્રીગુસાંઈજીએ યોજ્યો છે. તે યુક્ત આમ ત્યાગ અને વિનિયોગ સેવા છે. નામ સેવામાં શ્રીભાગવતનું આદરપૂર્વક શ્રવણ અને કીર્તન છે. જેમાં કોઈ લૌકિક હેતુ હોતો નથી.

સેવાનો ઉત્કર્ષ શ્રીમહાપ્રભુજી અડધી પંક્તિ 'માનસી સા પરા મતા'માં બતાવે છે. જ્યારે તન અને ધનથી શરૂ કરેલી સેવા આસક્તિ વ્યસનની અવસ્થાને પ્રાપ્ત કરી અંત:કરણમાં સાક્ષાત ભગવાનનો અનુભવ કરાવે ત્યારે તે માનસી સેવા કહેવાય. સેવા તો એક જ છે પરંતુ તે અવસ્થા છે બ્રહ્મરૂપા. સાધનાત્મિકા અને અંત:રૂપા - ફલાત્મિકા (માનસી). તે અંત:રૂપા ફલાત્મિકા (માનસી) છે. તે બાહ્ય સાધનરૂપ તનુવિત્તજાથી પ્રાપ્ત થાય.

રાજા આશકરણજીને સાધનાત્મિકા કરતાં ફલાત્મિકા પ્રાપ્ત થઈ. અચ્યુતદાસજીને અપવાદરૂપ સીધી જ અનુગ્રહથી માનસી સેવા પ્રાપ્ત થઈ. શ્રી ગુસાંઈજીના સેવક એક કંજુસને પણ સીધી માનસી સેવા પ્રાપ્ત થઈ. કૃષ્ણસેવામાં માનસી સેવા શ્રેષ્ઠ છે.

શ્રીમહાપ્રભુજી સેવાની વ્યાખ્યા કરતું મુક્તા પ્રગટ કરતા કહે છે કે ‘‘ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તુનિવિત્તજા’’. પ્રભુમાં ચિત્તનું પરોવાઈ જવું તે સેવા. ચિત્તની કૃષ્ણ સાથે એકતાનતા અથવા તન્મયતા અથવા સહજ સ્નેહથી કૃષ્ણ તરફ સરી પડવું. ચિત્તની પ્રવણતામાં નિ:સાધનાત. હોવી જરૂરી છે.

માનસી સેવા સુધી પહોંચવાના સાધન રૂપી મોતીને દર્શાવતા શ્રીમહાપ્રભુજી આજ્ઞઆ કરે છે, ‘‘તસિદ્ધ્યૈ તનુવિત્તજા’’, શ્રીગુસાંઈજી મહારાજની ટીકા પ્રમાણે તો સેવકનું જ તન અને સેવકનું જ ધન આવશ્યક છે. તન સેવકનું અને ધન પરાયાનું કે ધન સેવકનું અને તન પરાયાનું એ સ્વીકાર્ય નથી. આથી રાજસ ભાવ જન્મે છે. અંત:કરણ શુદ્ધ ન બને તેથી માનસી સિદ્ધ ન થાય.

સેવામાં તન અને ધન બંનનો વિનિયોગ આપણા ઘરમાં જ શક્ય છે. આથી શ્રીમહાપ્રભુજી બ્રહ્મસંબંધી વૈષ્ણવોને તેમના પરિવારમાં સેવા કરવા શ્રીઠાકોરજીનું સ્વરૂપ પધરાવી આપતા ગૃહસેવાની આજ્ઞા કરી. ‘‘ગૃહેસ્થિત્વા સ્વધર્મત:’’. આમ પરિવારના દરેક માટે શ્રીઠાકોરજી આત્મિય બને, શ્રીઠાકોરજી પણ પરિવારના સભ્ય બને, ગૃહસેવા એ શ્રીમહાપ્રભુજીનો વિશિષ્ટ અને આગવો દષ્ટિકોણ છે.

આમ, તનુવિત્તજા સાધનરૂપા સેવા ચિત્તની પ્રવણતા સાથે સ્નેહથી કરવાથી ફળરૂપા માનસી સેવા જરૂર સિદ્ધ થાય. આમ તનુ-વિત્તજા સાધન કરાવીને સંસાર અને તેનું દુ:ખ નિવૃત્ત કરે છે. સંસાર એટલે અહંતા અને મમતા. બીજો લાભ તે બ્રહ્મબોધનં-અક્ષરબ્રહ્મનું જ્ઞાન થવું તે. ‘‘તત્ સંસાર દુ:ખસ્ય નિવૃત્તિ: બ્રહ્મ બોધનમ્’’. અહંતા મમતાને પ્રપંચ કહેવામાં આવે. પ્રપંચ એટલે છેતરપીંડી જે આપણે આપણી જાત સાથે ૫ (પાંચ) પ્રકારની કરીએ છીએ. જેને પંચપર્વા અવિદ્યા (દેહ, ઈન્દ્રિય, અંત:કરણ, પ્રાણ, સ્વરૂપ વિસ્મૃતિ) કહે

છે. આ અહંતા-મમતાનો નાશ કરવાનો સહેલો રસ્તો સેવા છે. સેવામાં દીનતાપૂર્વક તનના વિનિયોગથી આપણી અહંતા પ્રભુ સાથે જોડાય અને હું પ્રભુનો દાસ એવી મમતા કેળવાય અને પ્રભુનું સ્વરૂપ સમજાય એનું જ નામ બ્રહ્મબોધનમ્.

આમ હું પણાનું અભિમાન અને મારાપણાનું મમત્વ દૂર થાય, સમર્પણનો ભાવ સિદ્ધ થાય, સંસારની વૃત્તિઓ નાશ પામે, દુ:ખોની નિવૃત્તિ થાય ત્યારે બ્રહ્મનું જ્ઞાન થાય. મીમાંસકોએ વેદપ્રણીત વિચારો તો રજૂ કર્યા પણ દરેકે જગત વિશેના વિચારો અલગ અલગ રજૂ કર્યા. જ્યારે જૈન બુદ્ધ, ચાર્વાક મત તેઓ તો વેદને જ માનતા નથી. શ્રીમહાપ્રભુજી બધાથી અલગ મત રજૂ કરે છે. જેમ ઈશ્વર સત્ય છે તેમ જગત પણ સત્ય છે. 'સર્વંખલું ઈદં બ્રહ્મ', આ સ્વરૂપ ગંગાજીના સ્વરૂપથી વધુ સ્પષ્ટ કરે છે.

આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવીક ગંગાજી જળપ્રવાહ તીર્થરૂપા-મોક્ષ, દૈવી સ્વરૂપે દર્શન, બ્રહ્મ, જગત, અક્ષરબ્રહ્મ, કૃષ્ણરૂપ છે. ગંગાજીનો જળ પ્રવાહ આધિભૌતિક છે, તીર્થ રૂપથી મોક્ષ આપતું આધ્યાત્મિક સ્વરૂપ છે. આધિદૈવીક સ્વરૂપથી દર્શન આપે છે. આજ રીતે કૃષ્ણનું આધિભૌતિક સ્વરૂપ જગત, આધ્યાત્મિક સ્વરૂપ અક્ષરબ્રહ્મ, આધિદૈવીક સ્વરૂપ સાક્ષાત કૃષ્ણ છે. મુલત: આ ત્રણેમાં અભેદ બુદ્ધિ રાખી, બ્રહ્મવાદનો સિદ્ધાંત સમજી કૃષ્ણની અહર્નિશ સેવા શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે કરવી. બુદ્ધિમાં કૃષ્ણને ધારણ કરતાં તો માનસી સિદ્ધ થાય જ.

ભગવાન જ ત્રિગુણાત્મક બને છે. તેથી જગત પણ ત્રિગુણાત્મક છે. ત્રણે પ્રકારના જીવાત્માઓ તેના ગુણ પ્રમાણે જુદા જુદા દેવો (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ)ની ઉપાસના કરે અને ત્રણે દેવો તેઓના નિયામક ભગવાન પૂર્ણપુરુષોત્તમની ઈચ્છા પ્રમાણએ જે તે જીવને ઈચ્છિત ફળ આપે.

આગળ શ્રીમહાપ્રભુજી જીવાત્મા વિશે જણાવે છે. એ માટે આકાશ અને ચાળણીનું દૃષ્ટાંત આપે છે. ચાળણીમાંથી જોતાં આકાશ અખંડ હોવા છતાં વિભાજીત દેખાશે. ચાળણી એ અવિદ્યાનું સ્વરૂપ છે. તેથી જીવ બ્રહ્માત્મક છે તેવું જ્ઞાન થતું નથી. જ્યારે જીવને સાચા સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે અલૌકિક ફળ પ્રાપ્ત થાય.

સેવ્ય અને સેવકને જોડનારી સેવા છે જેમાં સ્નેહ જ નિયામક છે. જે કેવલ ભગવદ્ કૃપાથી જ પ્રાપ્ત થાય.

શ્રીમહાપ્રભુજી ભક્તનાં સ્વરૂપ બતાવી કહે છે કે જ્ઞાની ભક્તને ગુરુનો ઉપદેશ સંસારની ઉપાધિમાંથી છોડાવે છે અને જ્યારે બ્રહ્મનું જ્ઞાન થાય ત્યારે જગતમાં સર્વત્ર પુરુષોત્તમના દર્શન થાય.

સંસારી-લોકાર્થી સંસારના ભોગ છોડયા વિના ભગવાનની સેવા કરે તો ક્લેશ જ મળે. પણ કૃષ્ણની સેવા છોડે નહીં તો કાલાંતરે લોકાર્થી નથી કહેવાતા.

કૃષ્ણસેવા તનુ-વિત્તજા કર્યા પછી માનસી રૂપી ફળ મળે કે ન પણ મળે એ માટે કાળ નિયામક નથી. અચ્યુતદાસજીને તનુ-વિત્તજા કર્યા વગર માનસીનું દાન થાય છે. જીયાદાસ સૂરી ક્ષત્રિયને માત્ર એક પ્રહરની સેવાથી ગોલોકની પ્રાપ્તિ થઈ. આમ કહી શ્રીમહાપ્રભુજી જ્ઞાનમાર્ગ કરતાં ભક્તિમાર્ગની અધિકતા કહે છે. જ્ઞાનમાર્ગમાં અક્ષબ્રહ્મની પ્રાપ્તિ છે, સ્વરૂપની જાણકારી છે. ભગવાન મળે કે ન પણ મળે અને મળેલા ભગવાન કાયમ ન પણ રહે. જ્યારે પુષ્ટિમાર્ગીય સેવામાં તનુ-વિત્તજાની સાથે જ બ્રહ્મનું જ્ઞાન થઈ જાય. શ્રીમહાપ્રભુજી પરબ્રહ્મ કૃષ્ણને પહેલાં જ પધરાવી આપે છે. જે ઘરમાં સદાય બિરાજે છે. આમ, ભક્તિમાર્ગ જ્ઞાનમાર્ગ કરતાં અધિક છે. કોઈ જ સાધન નહીં માત્ર પ્રભુનો અનુગ્રહ જ નિયામક છે. આ પ્રકારે ભગવદ્ અનુગ્રહથી જે જીવો ઉત્સવમાં ભગવત શ્રવણ વગેરેમાં રહેતા હોય તેમને પણ ધીરે ધીરે સેવાની પ્રાપ્તિ થાય છે.

ગંગાના તીરે રહેવા છતાં દુષ્ટ કર્મવાળાને ગંગાજીનો અનુભવ થતો નથી. તે રીતે પ્રભુ બિરાજતા હોવા છતાં ભક્તિ અને સેવા ન હોય તો કૃષ્ણ મળતાં નથી.

શ્રીમહાપ્રભુજી કૃપાળુ છે કે આ રીતે પોતાના શાસ્ત્રના ગુપ્ત સિદ્ધાંતો આપણા માટે પ્રગટ કરે છે. તે જાણવાથી કંઈ સંશય રહેતો નથી. સર્વ સંશયોનું શમન એ શ્રી ભાગવતનું એકફળ છે. શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતરૂપી મુક્તામાળામાં શ્રદ્ધા રાખી પરબ્રહ્મને ઓળખી તનુ-વિત્તજા કરશે તો માનસીનું ફળ ચોક્કસ મળશે જ કોઈ સંશય નથી જ.

ગો.વા. રમણિકલાલ પરીખ (પાટણ)

શ્રી પદ્માવતાં માજીમહારાજ
પુષ્ટિમાર્ગીય પાઠશાળા
પાટણના ટ્રસ્ટી.
પુષ્ટિમાર્ગીય સાહિત્યનો
નજીવી કિંમતે દેશ-વિદેશમાં
બહોળો પ્રચાર પ્રસાર કરનાર.

ગો.વા. રમેશભાઈ પરીખ

વૈષ્ણવ પરિવારના
આધતંત્રી અને
પુષ્ટિમાર્ગીય અનેક
ગ્રંથોને સરળ અને
સમજી શકાય તેવી ભાષામાં
અનેક પુસ્તકો દ્વારા
રજૂ કરનાર.

ભગવદ્ ભક્તોનો એક ક્ષણનો સંગ પણ
સ્વર્ગ અને મોક્ષથી અધધિક છે.

‘સિદ્ધાંત મુકતાવલી’

‘સિદ્ધાંત મુકતાવલી’ ગ્રંથમાં પ્રબોધાયેલ સ્વમાર્ગીય સેવાનો સિદ્ધાંત

(સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથ પ્રકાશ)

- શ્રીમહાપ્રભુજી રચિત ષોડશગ્રંથો પૈકીનો ત્રીજો ગ્રંથ.
- સ્વમાર્ગીય સિદ્ધાંતો રૂપી મોતીની માળા સિદ્ધ કરતો ગ્રંથ.
- શ્રીમહાપ્રભુજીનું હૃદય.
- ગો. શ્રીશ્યામ મનોહરજીના મતે શ્રીભાગવતના ષષ્ઠ સ્કધની સંગતિ.
- પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ પૈકી પ્રમાણ દર્શાવતો ગ્રંથ.
- ૨૧ શ્લોકોનો ગ્રંથ (પાંચ મહાભૂત + ૧૦ ઈન્દ્રિયો + ૪અંત: કરણ + આત્મા + દેહ ને ભગવદ્ ભક્તિ માટે પ્રેરતો ગ્રંથ).
- નવ ટીકા ઓથી શોભતો ગ્રંથ.
- શ્રી ગુંસાઈજી કૃત ‘વિવૃત્તિ’. શ્રી પુરૂષોત્તમજી કૃત ‘પ્રકાશ’ શ્રી કલ્યાણ રાયજી મહારાજની ‘ટિપ્પણી’. શ્રીગોકુલનાથજીની ટીકા અને શ્રીલાલુભટ્ટજીના ‘ટિપ્પણ’ દ્વારા સમજાતો ગ્રંથ.
- અચ્યુતદાસ સનોઢિયાને સંબોધીને લખાયેલો ગ્રંથ.
- જતિપૂરામાં પ્રાય: વિ.સં. ૧૫૫૫માં રચાયેલો ગ્રંથ.